પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૨૫૮ • કુલ પાના : ૪ • તારીખ : ૨૭-૦૬-૨૦૨૨ સોમવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

મહારાષ્ટ્રનો સત્તા સંગ્રામ

## શિવસેનાના ૧૫ બળવાખોર ધારાસભ્યોને કેન્દ્રએ આપી વાય પ્લસ સુરક્ષા, તેમના ઘરે CRPF તહેનાત રહેશે

મુંબઇ,

મહારાષ્ટ્રના રાજકીય સંઘર્ષ વચ્ચે કેન્દ્ર સરકારે બળવાખોર ધારાસભ્યો અને તેમના પરિવારોને સીઆરપીએફ સુરક્ષા આપી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ૧૫ બળવાખોર ધારાસભ્યોને વાય સુરક્ષા આપવામાં આવી હતી. તેમના ઘરે સીઆરપીએફ તહેનાત રહેશે. એ યાદ રહે કે મુંબઈમાં હવે શિવસેનાના કાર્યકરો માર્ગો ઉપર ઉતરી આવ્યા છે.શિવસેનાના કાર્યકરોએ શિંદે સમર્થત ધારાસભ્યોની ઓફિસમાં તોડફોડ કરી છે શિંદેના પુત્રની કચેરીમાં પણ તોડફોડ કરવામાં આવી છે. શિંદે જુથે જણાવ્યું હતું કે ધારાસભ્યોની સુરક્ષાની જવાબદારી સરકારની છે અને સરકારે સુરક્ષા આપવી જોઈએ

બીજીબાજુ મુખ્યમંત્રી પોતાના મંત્રીમંડળમાં સામેલ બળવાખોર મંત્રીઓને પદ ઉપરથી હટાવે તેવી સંભાવના છે. મહારાષ્ટ્રનો રાજકીય સંઘર્ષ હવે કાયદાકીય આંટીઘુંટીમાં ફસાઈ ગયો હોય તેવું લાગી રહ્યું છે. ૧૬ બળવાખોર ધારાસભ્યો મળેલી નોટિસ સામે તેમણે સુપ્રીમ કોર્ટમાં જવાનો નિર્ણય લીધો છે. બળવાખોર



ધારાસભ્યો શિવસેના ધારાસભ્ય દળના નવા નેતાના નિર્ણયને પણ કોર્ટમાં પડકારશે. શિવસેના બાલાસાહેબની છે અને રહેશે અને કોઈને પણ બાલાસાહેબના નામનો ઉપયોગ કરવા દેવામાં આવશે નહીં., બળવાખોર જૂથના નેતા એકનાથ શિંદે પાસેથી શિવસેના સંગઠનમાંથી નેતાનું પદ છીનવી લેવું જોઈએ., શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેને બળવાખોર ધારાસભ્યો સામે કાર્યવાહી કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે.,મરાઠી અસ્મિતા અને હિન્દુત્વના મુદ્દે શિવસેના વધુ આક્રમક વલણ અપનાવશે,ઉદ્ધવ ઠાકરે દ્વારા કોરોના સમયગાળા દરમિયાન કરવામાં આવેલા કામ અને ધારાવી મોડલની પ્રશંસા બદલ આભાર માનવામાં આવ્યો હતો.મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં ફરી શિવસેનાનો વિજય સંકલ્પ લેવામાં આવ્યો.

શિવસેનાના સાંસદ સંજય રાઉતે શિંદે અને બળવાખોર ધારાસભ્યો પર નિશાન સાધ્યું હતું. રાઉતે કહ્યું- તમે શિવસેના છોડી દીધી છે તો તમારા બાપના નામે પાર્ટી બનાવો. તમે બાલાસાહેબના નામે પાર્ટી કેમ બનાવો છો. અમારા બાપ તો માત્ર એક જ છે, માત્ર બાલાસાહેબ ઠાકરે. જો તમારી પાસે પૂરતું સંખ્યાબળ છે તો તમે મુંબઈ કેમ નથી આવતા. તમે મુંબઈ આવો, તમારું સ્વાગત કરવા માટે અમે તૈયાર છીએ. રાઉતે કહ્યું કે ભાજપ અને દેવેન્દ્ર ફડણવીસ બાલાસાહેબની શિવસેનાનો ખતમ કરવા માગે છે અને આ ધારાસભ્યોને ગુલામ બનાવીવે રાખવા માંગે છે.રવિવારે મહારાષ્ટ્રમાં રાજકીય સંઘર્ષનો છઠ્ઠો દિવસ છે. શિવસેનાના સાંસદ સંજય રાઉતે સવારે ટ્વીટ કરીને શિંદે અને બળવાખોર ધારાસભ્યો પર નિશાન સાધ્યું હતુ. રાઉતે કહ્યું- ગુવાહાટીમાં ક્યાં સુધી છુપાઈને રહેશો, તમારે ચોપાટી તો આવવું જ પડશે. રાઉતે સામનામાં લખેલા એક લેખમાં કહ્યું છે કે શિંદે અને ૪૦ ધારાસભ્યોનો બળવો કરવાનો અર્થ ભૂકંપ નથી. આવા અનેક ભૂકંપના ઝટકાઓ બાદ પણ શિવસેનાનું અસ્તિત્વ અકબંધ રહ્યું છે.મહારાષ્ટ્રમાં ચાલી રહેલા રાજકીય સંકટ વચ્ચે બેઠકોનો દોર ચાલી રહ્યો છે. દરમિયાન મહારાષ્ટ્ર કોંગ્રેસના નેતા બાલાસાહેબ થોરાટ અને અશોક ચવ્હાણે મુંબઈમાં એનસીપી પ્રમુખ શરદ પવાર સાથે મુલાકાત કરી હતી એનસીપી અને કોંગ્રેસના નેતાઓએ જણાવ્યું હતું કે અમે શિવસેનાની સાથે છીએ અને સરકારને કોઈ ખતરો નથી જો શિંદે જુથ પાસે બહુમતિ છે તો તેઓએ મુંબઇ આવવું જોઇએ અને વિધાનસભામાં દાવો કરવો જોઈએ શિવસેનાના સાંસદે પણ કહ્યું હતું કે શિંદે જુથે મુંબઇ આવવું જોઈએ અમે તો ગોવાહાટી જઇ શકતા નથી બહુમતિ વિધાનસભામાં થશે ગોવાહાટીમાં તો થવાની નથી વિધાનસભા ગોવાહાટીની હોટલમાં તો લઇ જઇ શકીએ નહીં તેમણે કહ્યું કે શિંદે જુથનો દાવો ખોટો છે.અમારી પાસે અનેક ધારાસભ્યો સંપર્કમાં છે રાજ્યમાં ચાલી રહેલા રાજકીય સંકટ વચ્ચે રાજ્યપાલ ભગત સિંહ કોશ્યારીને આજે હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. હાલમાં જ તેઓ કોવિડથી સંક્રમિત થયા બાદ તેમને હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા. શિવસેનામાં બળવા બાદ સીએમ ઉદ્ધવ ઠાકરેની પત્ની રશ્મિ ઠાકરે પણ મેદાનમાં ઉતરી છે. તેઓ બળવાખોર ધારાસભ્યોની પત્નીઓનો સંપર્ક કરી રહી છે. બીજી તરફ સીએમ ઉદ્ધવ ઠાકરે પણ બળવાખોર ધારાસભ્યોને મેસેજ મોકલી રહ્યા છે. જણાવવામાં આવી રહ્યું છે કે બળવાખોર ધારાસભ્ય ઉદ્ધવ ઠાકરેના સંદેશના જવાબમાં તેઓ એટલું જ કરી રહ્યા છે કે તેઓ શિવસેના સાથે છે.

મહારાષ્ટ્રમાં રાજકીય સંકટ શાબ્દિક યુદ્ધમાં ફેરવાઈ ગયું છે. બળવાખોર જૂથે શિવસેના (બાલાસાહેબ)ના નામે નવું નામ પર નવી પાર્ટીની જાહેરાત કરી છે. આ બાબતે ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે શિવસેના બાલાસાહેબની છે. કોઈને પણ બાલાસાહેબના નામનો ઉપયોગ કરવા દેવામાં આવશે નહીં. જે બાદ શિવસેનાના સાંસદ સંજય રાઉતે શિંદે પર પ્રહાર કરતા કહ્યું હતુ કે બાલાસાહેબ નહીં, તમારા બાપના નામે વોટ માંગો.

શિંદે જૂથે બે તૃતિયાંશ બહુમતીનો દાવો રજૂ કર્યો અને શિવસેનાના શિંદે જૂથે કહ્યું કે અમે ક્યારેય પાર્ટી નથી છોડી. અમારી પાસે બે તૃતિયાંશ બહુમતી છે અને જેમની પાસે બહુમતી હોય છે, તેમની પાસે જ નેતા ચૂંટવાનો અધિકારી હોય છે. વિધાનસભા ઉપાધ્યક્ષના નિર્ણયને કોર્ટમાં પડકારવામાં આવશે.શિંદેએ શનિવારે સવારે ૩૮ ધારાસભ્યોની એક યાદી જાહેર કરી હતી. બળવાખોર ધારાસભ્યો દ્વારા પ્રેસ કોન્ફરન્સ કરવા આવેલા દીપક કેસરકરે કહ્યું- અહીંનો ખર્ચ શિંદે ઉઠાવી રહ્યાં છે. કેટલાંક લોકો જાણીજોઈને અમને બદનામ કરવાનો પ્રયાસ કરે છે.

### ક્યાં સુધી છુપાશો ગુવાહાટીમાં, ક્યારેક તો ચોપાટી પાછા આવશો ! બળવાખોર સંજય રાઉતનો ટોણો

મહારાષ્ટ્રમાં રાજકીય અસ્થિરતા અટકી રહી નથી. શિવસેનામાં ઉદ્ધવ ઠાકરે જૂથ અને એકનાથ શિંદે જૂથ વચ્ચે સતત ટક્કર ચાલી રહી છે. તે જ સમયે, સંજય રાઉતના ભડકતા નિવેદનો બળતામાં ઘી હોમી રહ્યા છે. હવે સંજય રાઉતે બળવાખોર ધારાસભ્યો પર નિશાન સાધતા ટ્વીટ કર્યું છે કે તમે ક્યાં સુધી ગુવાહાટીમાં છુપાઈ જશો ? તમારે ચોપાટી (મુંબઈ) આવવું પડશે. આ પહેલા શનિવારે સંજય રાઉતે વાંધાજનક નિવેદન આપ્યું હતું અને કહ્યું હતું કે જો હિંમત હોય તો બળવાખોર ધારાસભ્યોએ તેમના 'પિતા'ના નામનો ઉપયોગ કરીને જૂથ બનાવવું જોઈએ. નોંધનીય છે કે મીડિયામાં એવા કેટલાક અહેવાલો આવ્યા હતા કે એકનાથ શિંદે "બાલાસાહેબ શિવસેના" નામનો અલગ જૂથ બનાવી શકે છે. દરમિયાન એકનાથ શિંદેએ કહ્યું કે, શિવસેનાને એમવીએના ચુંગાલમાંથી મુક્ત કરાવવા માંગે છે શિવસૈનિકો દ્વારા મહારાષ્ટ્રમાં બળવાખોર ધારાસભ્યોના કાર્યાલયમાં તોડફોડ કરવા અંગે એકનાથ શિંદેએ ટ્વીટ કર્યું કે શિવસેનાના કાર્યકરોએ સમજવું જોઈએ કે હું શિવસેના અને તેના કાર્યકરોને એમવીએ સરકારના ચુંગાલમાંથી મુક્ત કરવા માંગુ છું અને તેના માટે લડી રહ્યો છું. શિંદેએ કહ્યું કે મારું આ પગલું પાર્ટી કાર્યકર્તાઓની ભલાઈ માટે છે.

## ગાંધીનગર : માર્ચ માસમાં ડ્રાઈવીંગ ટેસ્ટ પાસ કર્યા બાદ પણ હજુ સુધી અરજદારને લાયસન્સ મળતા નથી

ગાંધીનગર,

સમગ્ર ગુજરાત માં સ્માર્ટકાર્ડ ની અછત છે જેના પગલે લાયસન્સ અરજદારોને મળતા જ નથી. ગાંધીનગર શહેર અને જિલ્લામાં પણ સ્માર્ટકાર્ડના અભાવે કુલ સાડા બાર હજાર જેટલા લાયસન્સ પેન્ડીંગ છે. છેલ્લા ત્રણ દિવસ થી કાર્ડ ના અભાવે ડ્રાઈવીંગ ટેસ્ટ પાસ કરવા છતા પણ અરજદારો ને લાયસન્સ મળતી નથી જેના કારણે વાહનચાલકો અને ટ્રાફિક પોલીસ વચ્ચે પણ ઘર્ષણના બનાવો બને છે.

ગાંધીનગર શહેરના પ્રાથમિક માર્ગો પર એક બાજુ ટ્રાફિક પોલીસે ચેકિંગનો પ્રયાસ હાથ ધર્યો છે, જે અંતર્ગત પોલીસ દ્વારા ડ્રાઈવરના લાયસન્સ પર ખરેખર એક નજર કરવામાં આવે છે, જો કે, અત્યાર સુધી, ડ્રાઈવિંગ એસેસમેન્ટ દ્વારા ઉછળેલા ઉમેદવારો પણ આરટીઓમાં કોઈ બ્રિલિયન્ટ કાર્ડ ન હોવાથી તમારી પાસે ડ્રાઈવિંગ પરમિટ નથી. એટલું જ નહીં, જેમના ડ્રાઈવિંગ લાયસન્સ પુનઃસ્થાપિત કરવામાં આવ્યા છે તેઓમાં પણ ચતુર કાર્ડની ગેરહાજરીને કારણે તેનો અભાવ છે. પાટનગરના માર્ગો પર પોલીસ અને આવા વાહનચાલકો વચ્ચે એક પછી એક ઘર્ષણ થાય છે.

સમગ્ર ગુજરાતમાં બ્રિલિયન્ટ કાર્ડ્સની ઉણપ છે જેના કારણે આ 'સમસ્યા' ઉભરી આવી છે તે મનની ફ્રેમમાં ક્યાંય લાઈસન્સ આપવામાં આવ્યા નથી. ગાંધીનગરની ચર્ચા કરીએ તો સાડા બાર હજારથી વધુ લાયસન્સ અપાયા નથી અને આ ઉમેદવારો પાસે સોફ્ટકોપીમાં લાયસન્સ છે. તેમ છતાં, તે હકીકતના પ્રકાશમાં સંઘર્ષ કરી રહ્યો છે કે તેની પાસે કાર્ડ નથી. તે સંદર્ભિત કરી શકાય છે કે આ મુદ્દો સમગ્ર ગુજરાતમાં ઉભો થયો છે કારણ કે હોશિયાર કાર્ડ વર્કર દ્વારા ભાડે લેવા માટેના સ્ટોકની ઉણપ છે અને દરેક આરટીઓ કચેરીમાં લાયસન્સનો વધુ પડતો વિસ્તરણ થઈ રહ્યો છે.

## છત્તીસગઢના બિલાસપુરના પાવર પ્લાન્ટમાં પહેલીવાર ગાંજાથી વિજળી ઉત્પાદન કરાયું

રાયપુર,

છત્તીસગઢના બિલાસપુરના પાવર પ્લાન્ટમાં પહેલીવાર ગાંજાથી વિજળી ઉત્પાદન કરવામાં આવી છે.બિલાસપુર રેંજમાં જપ્ત ૧૨ ટન ગાંજાને બાયોમાસ પ્લાન્ટમાં સળગાવી નષ્ટ કરવામાં આવ્યા છે.આ લગભગ એક કલાક સુધી સળગતો રહ્યો જેથી ૫ મેગાવોટ વિજળીનું ઉત્પાદન થયું રાજયમાં પહેલીવાર આવું થયા છે કે ગાંજાના નષ્ટીકરણને વિજળી ઉત્પાદન માટે ઉપયોગમાં લેવામાં આવ્યો હોય.આ પહેલની હવે ભારે ચર્ચા થઇ રહી છે.

હકીકતમાં બિલાસપુર રેંજમાં અત્યાર સુધી જપ્ત ગાંજાને જીલ્લા



બાયોમોસ પાવર પ્લાન્ટમાં ગાંજો,કોલ મેટેરિયલ ભૂસાની સાથે સળગાવવામાં આવ્યા છે.આ પહેલા ગાંજાને ફર્નેશ ઓઈલ ફેકટરીમાં સળગાવી નષ્ટ કરવામાં આવતો હતો પરંતુ બિલાસપુર રેંજના આઈજી રતનલાલ ડાંગીના નિર્દેશ પર વેસ્ટ મટિરિયલતી વિજળી બનાવવામાં આવી છે.નષ્ટ કરતા રહેલા બિલાસપુર રેંજ સ્તર પર ચાર સભ્ય હાઈ પાવર ડ્રગ ડિસ્પોજલ કમિટિની રચના કરવામાં આવી હતી કમિટીએ નિર્ણય કર્યા બાદ ભારે માત્રામાં જપ્ત ગાંજાને પાવર પ્લાન્ટમાં સળગાવવામાં આવ્યો

બિલાસપુર એસપી પારૂલ માથુરે આ સમગ્ર નષ્ટીકરણ ઓપરેશનને લઈ જણાવ્યું હતું કે બિલાસપુર આઈજીની અધ્યક્ષતામાં કમિટિ બનાવવામાં આવી હતી તાલુકાના તમામ જીલ્લાના ૫૫૦ પ્રકરણોમાં ૧૨ ટનથી વધુ ગાંજો જપ્ત કરવામાં આવ્યો હતો અને મોટી માત્રામાં કપ સિરફ નશાની ટેબલેટ અને ઈજેકશન આ તમામને નષ્ટ કરવામાં આવ્યા છે. તેના માટે મોહતરાઈના સુધા બાયોમાસ પ્લાન્ટમાં પુરી પ્રક્રિયા સંપન્ન થઈ છે.ભટ્ટીમાં ગાંજો અને કોલસાને ૨/૩ના અનુપાતમાં મિકસ કરી સળગાવવામાં આવ્યો છે.૧૨ ટન ગાંજાથી લગભગ પાંચ મેગાવોટ વિજળી તેમાંથી થઈ છે.નશીલી દવાઓને જમીનમાં ખાડો ખોદી બુલડોઝર ચલાવીને નિષ્ટ કરવામાં આવ્યા તેના ઉપર જેસીબીથી માટી બરાબર કરી દેવામાં આવી છે.

સુધા બાયોમાસ પાવર પ્લાન્ટના પ્રબંધક એસ વી રાજુએ પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું કે ૧૦ ટકા કોલસાની સાથે ભૂસાનો ઉપયોગ કરી વિજળી ઉત્પાદન કરવામાં આવી છે.પ્લાન્ટમાં ભુસુ અને કોલસાને સળગાવી પ્રતિ કલાક ૧૦ મેગાવોટ વિજળી ઉત્પાદનની ક્ષમતા છે.

કંપની તરફથી ઉત્પાદન કરવામાં આવેલ વિજળીને રાજય સરકારની વિજળી એકમ સીએસઈબીને સપ્લાઈ કરવામાં આવી છે એ યાદ રહે કે અનેકવાર વર્ષભરમાં જપ્ત ગાંજાને પોલીસ પ્રશાસન એક સાથે નષ્ટ કરે છે આ સામાન્ય પ્રક્રિયા હેઠળ સળગાવી દેવામાં આવતો હતો પરંતુ વેસ્ટથી વિજળી ઉત્પાદન પહેલીવાર કરવામાં આવ્યું છે.

## ભારતના ત્રણ પ્રોજેક્ટ માટે ૫૬.૨ કરોડ ડોલરના ભંડોળને વિશ્વ બેંકે મંજુરી આપી

નવીદિલ્હી,

વિશ્વ બેક્કે જણાવ્યું હતું કે ભારતના ત્રણ પ્રોજેકટ માટે ૫૬.૨ કરોડ ડોલરના ભંડોળને મંજૂરી આપી દીધી છે. આ ત્રણ પ્રોજેકટમાં ગુજરાતના શિક્ષણ પ્રોજેકટ, તામિલનાડુના સમાજ સુરક્ષા પ્રોજેક્ટ તેમજ મહામારી કાળ પછી માછીમારી ક્ષેત્રમાં સુધાર લાવવા માટેના પ્રોજેક્ટનો સમાવેશ થાય છે. વિશ્વ બેક્કની યાદીમાં જણાવ્યા મુજબ બેક્કના બોર્ડે ગુજરાતના બાળકોના શૈક્ષણિક પરિણામોમાં સુધાર માટે ચાલી રહેલા કાર્યક્રમ 'એક્સિલરેટેડ લર્નિંગ (જીઓએએલ) માટે વધારાનું ૨૫ કરોડ ડોલરનું ભંડોળ મંજૂર કર્યું છે.

આ ભંડોળની મદદથી કોવિડ-૧૯ મહામારીથી પ્રભાવિત થયેલી વધારાની ૩૦૦૦ શાળાઓને લાભ થશે. જીઓએએલ પ્રોજેક્ટ માટે મૂળે માર્ચ ૨૦૨૧માં ૫૦ કરોડ ડોલરની લોન મંજૂર થયેલી છે. મંજૂર થયેલું ભંડોળ તેનો ભાગ છે.

પ્રત્યેક બાળકને શાળામાં ભણતા ચાલુ રાખવા, તેમના શૈક્ષણિક સ્તરમાં સુધારા લાવવા બેક્કે ઘડી કાઢેલા રેપિડ રિસ્પોન્સ ફ્રેમવર્ક મુજબ આ ધિરાણ મંજૂર થયું હતું. આ ભંડોળ શિક્ષકો અને વિદ્યાર્થીઓના માનસિક આરોગ્યને સુધારવાની પણ નેમ ધરાવે છે. વિશ્વ બેક્ક બોર્ડ ઓફ ડિરેક્ટર્સે તે ઉપરાંત મહામારી પછી ભારતના માછીમારી ક્ષેત્રમાં સુધાર લાવવા પણ ૧૬ કરોડ ડોલરના ભંડોળને મંજૂરી આપી છે. તે ઉપરાંત તામિલનાડુના દિવ્યાંગોની સમાજ સુરક્ષા સિસ્ટમને મજબૂત કરવા માટે ૧૬.૨ કરોડ ડોલરના ભંડોળની ફાળવણી કરી છે. યાદીમાં જણાવ્યા મુજબ કોવિડ-૧૯ને કારણે વર્ષ ૨૦૨૦-૨૧માં મત્સ્યઉદ્યોગ ક્ષેત્ર ૫.૫ અબજ ડોલરનું નુકસાન પહોંચ્યું હતું. મત્સ્ય ઉત્પાદન પણ ઘટીને ૪૦ ટકા જેટલું થઈ ગયું હતું.

## મહેબુબા મુફતીએ જમ્મુ-કાશ્મીરના યુવાનોને આતંકવાદથી દૂર રહેવા કહ્યું

શ્રીનગર,

જમ્મુ અને કાશ્મીર અશાંતિભર્યા તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે હુ તમને વિનંતી કરું છું કે આ યોગ્ય નથી અને આ છોડી દેવું જોઈએ પીડીપી પાર્ટીની ચીફ મહેબુબા મુફતીએ જણાવ્યું કે જમ્મુ-કાશ્મીરના યુવાનોએ આતંકવાદથી દૂર રહેવું જોઈ અને પોતાના જીવનને બચાવવું જોઈએ. દરરોજ ૩-૪ યુવાનો માર્યા જાય છે, તેવા અહેવાલ સાંભળવા મળે છે, એનો અર્થ એ થાય છે કે સ્થાનિક લોકોની ભરતી કરવામાં આવે છે. મુફતીએ વધુમાં જણાવ્યું કે હુ માતા પિતા અને બાળકોને વિનંતી કરું છું કે તેઓ પોતાનો જીવ બચાવે. તેમણે કહ્યું કે જમ્મુ અને કાશ્મીર અશાંતિભર્યા તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે અને આવનારા સમયમાં તેને તેના યુવાનોની જરૂર પડશે. કોઈએ પણ હથિયાર ઉપાડવા નહિ. દરરોજ ૪-૫ યુવાનોની મોતના



સમાચાર સાંભળવા મળે છે. હુ તમને વિનંતી કરું છું કે આ યોગ્ય નથી અને આ છોડી દેવું જોઈએ. કાશ્મીરી પંડિત પર હુમલા સંદર્ભે મુફતીએ કહ્યું કે લોકો અને ધાર્મિકગુરુઓએ આ વાતને ધ્યાનમાં લેવી જોઈએ કે પંડિત કાશ્મીરી સમાજનું ભાગ છે. કાશ્મીરી પંડિત આજે વિરોધ પ્રદર્શન કરી રહ્યાં છે. મારા સીએમ તરીકેના કાર્યકાળ દરમ્યાન જ્યારે સ્થિતિ ખરાબ હતી ત્યારે કોઈ કાશ્મીરી પંડિતને મારવામાં આવ્યું ન હતું. તેઓ ઘરે હોવા છતાં અમે ૧૭ મહિનાનો પગાર ચૂકવ્યો હતો.

## વિશ્વના શ્રેષ્ઠ રહેવા લાયક શહેરોમાં દિલ્હી અને મુંબઈનો સમાવેશ થયો

નવીદિલ્હી,

વિશ્વના શ્રેષ રહેવા લાયક શહેરોનો ઈન્ડેક્સ રિપોર્ટ થઈ ગયો છે. ઈકોનોમિસ્ટ ઈન્ટેલિજન્સ યુનિટે તેનો ગ્લોબલ લીવેબિલીટી ઈન્ડેક્સ જાહેર કરી દીધો છે. આ સર્વેઆ વિશ્વના ૧૭૩ થી વધુ શહેરોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ભારત માટે ખાસ વાત એ છે કે વિશ્વના શ્રેષ્ઠ રહેવા લાયક સ્થળોમાં ભારતના બે દેશો દિલ્હી અને મુંબઈનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ઈકોનોમિસ્ટ ઈન્ટેલિજન્સ યુનિટના ગ્લોબલ લીવેબિલીટી ઈન્ડેક્સ ૨૦૨૨માં ભારતના બે શહેરો દિલ્હી અને મુંબઈનો સામેવશ કરવામાં આવ્યો છે. આ ઈન્ડેક્સમાં દિલ્હીને ૧૧૨મું સ્થાન મળ્યું છે, જયારે મુંબઈ ૧૧૭માં સ્થાને રહ્યું છે.

વિશ્વના શ્રેષ રહેવા લાયક શહેરોમાં સમગ્ર વિશ્વમાં પ્રથમ ક્રમે ઓસ્ટ્રેલિયાનું વિયેના શહેર છે. વિશ્વના શ્રેષ્ઠ રહેવા લાયક શહેરોમાં ટોપ ૧૦ દેશોની યાદી ઓસ્ટ્રેલિયાના ૩, કેનેડાના ૩, ડેનમાર્ક, સ્વીત્ઝર્લેન્ડ, જર્મની, નેધરલેન્ડ અને જાપાનના ૧-૧ શહેરોનો સમાવેશ થયો છે. આ ૧૦ શહેરોની યાદી આ પ્રમાણે છે : (૧)વિયેના, ઓસ્ટ્રેલિયા, (૨) કોપનહેગ, ડેનમાર્ક, (૩)જયૂરિખ, સ્વીત્ઝર્લેન્ડ, (૪)કેલગરી, કેનેડા, (૫)વેંકઓવર, કેનેડા, (૬)જીનીવા, ઓસ્ટ્રેલિયા, (૭) ફ્રેકફૂર્ટ, જર્મની, (૮) ટોરન્ટો, કેનેડા, (૯) એમ્સ્ટર્ડમ, નેધરલેન્ડ, (૧૦) મેલબોર્ન ઓસ્ટ્રેલિયા અને ઓસાકા, જાપાન. વિશ્વના શ્રેષ્ઠ રહેવા લાયક શહેરોની યાદીમાં પાકિસ્તાન અને બાંગ્લાદેશની વૈશ્વિક 'બેઈજ્જતી' થઈ છે. આ યાદીમાં પાકિસ્તાનનું કરાચી શહેર અને બાંગલાદેશનું ઢાંકા શહેર વિશ્વના શ્રેષ્ઠ રહેવા લાયક સ્થળોમાં સૌથી નીચે છે, એટલે કે આ બે શહેરો રહેવા લાયક નથી. ફેબ્રુઆરી ૨૦૨૨માં રશિયાએ યુક્રેન પર આક્રમણ કર્યા પછી યુક્રેનની રાજધાની કિવ આ યાદીમાં સ્થાન મેળવી શક્યું નથી. જ્યારે, મોસ્કો અને સેન્ટ પીટર્સબર્ગ જેવા રશિયન શહેરોની રેંકિંગ પણ સેન્સરશિપ અને દેશ પર પશ્ચિમી પ્રતિબંધોને કારણે નીચે આવી છે.

## હવામાન ખરાબ હોવાને કારણે શ્રદ્ધાળુઓ ૨૮-૨૯ જૂને ચારધામ યાત્રાએ ના જાય

દહેરાદૂન,

હવામાન વિભાગે ૨૮ અને ૨૯ જૂને શ્રદ્ધાળુઓને ચારધામ યાત્રા કરવાથી બચવાની સલાહ આપી હતી. હવામાન વિભાગે ઉત્તરાખંડમાં ભારે વરસાદ, પથ્થર ધસી પડવા અને ભૂસ્ખલનની આશંકા વ્યક્ત કરી હતી. હવામાન વિજ્ઞાન કેન્દ્રના નિદેશક બિક્રમસિંહે જણાવ્યું કે રાજ્યમાં ૨૬થી ૨૮ જૂન સુધી વરસાદનું યલો એલર્ટ અને ૨૯ જૂને ભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે. હેન્ગિંગ રૉક સૌથી ઘાતક : ચારધામ યાત્રા રુટ પર બનેલા ઓલ વેધર રોડ પર ઓવર હેન્ગિંગવાળા ખડકો મોટા ખતરા સમાન છે. તે ગમે ત્યારે ધસી શકે છે. અનેક જગ્યાએ પાણીના સ્રોત કાટમાળમાં દટાયા હોવાથી ખડકો ધસી પડવાનો ખતરો છે. ઉત્તરાખંડ સ્પેસ એપ્લિકેશન સેન્ટરના ડીજી પ્રો.એમ.પી.એસ. બિષ્ટે જણાવ્યું કે અમે તાજેતરમાં આવી ઘાતક જગ્યાઓનીઓળખ કરીને સરકારને જાણ કરી દીધી છે. કેદારનાથમાં એક મૃત્યુ થઈ ચૂક્યું છે : કેદારનાથમાં તાજેતરમાં એક દિવસ પહેલાં જ રાજસ્થાનના રાજસમંદના વતની માર્બલ વેપારીનું આવી જ દુર્ઘટનામાં મૃત્યુ થયું હતું. તેમની પત્ની ગંભીર રીતે ઘવાઈ હતી. દુર્ઘટના ગૌરીકુંડ પરત ફરતી વખતે પથ્થર પડતાં સર્જાઈ હતી.

## ગુજરાતમાં ૨૦૦૨ થી ૨૦૨૦ વચ્ચે રમખાણોના ૨૯,૦૦૦ થી વધુ કેસ નોંધાયા છે

ગાંધીનગર,

ગૃહમંત્રી અમિત શાહે એક ઈન્ટરવ્યુમાં દાવો કર્યો હતો કે ગુજરાતમાં ૨૦૦૨ પછી કોઈ રમખાણ થયા નથી. જોકે, સરકાર (એનસીઆરબી અનુસાર)દ્વારા જાહેર કરાયેલા આંકડા જ સાબિત કરે છે કે ગુજરાતમાં ૨૦૦૨ થી ૨૦૨૦ વચ્ચે રમખાણોના ૨૯,૦૦૦ થી વધુ કેસ નોંધાયા છે. તે જ સમયે, ૨૦૦૨ પછીના પાંચ વર્ષમાં ગુજરાતમાં રમખાણોના ૮ હજારથી વધુ કેસ નોંધાયા હતા.

એનસીઆરબી મુજબ, વર્ષ ૨૦૦૩માં ગુજરાતમાં રમખાણોના ૧,૮૨૪ કેસ નોંધાયા હતા. વર્ષ ૨૦૦૪માં રાજ્યમાં રમખાણોના ૧,૫૯૯ કેસ નોંધાયા હતા. ૨૦૦૫માં ૧,૬૨૮ કેસ નોંધાયા હતા, જ્યારે ૨૦૦૬માં ૧,૫૩૪ રમખાણો નોંધાયા હતા. ૨૦૦૨ પછી, પછીના પાંચ વર્ષમાં એટલે કે ૨૦૦૩ થી ૨૦૦૭ સુધી, ગુજરાતમાં રમખાણોના ૮૨૫૩ કેસ નોંધાયા. તેવી જ રીતે, ગુજરાત રાજ્યમાં ૨૦૦૮માં ૧૮૦૯, ૨૦૦૯માં ૧૫૩૯, ૨૦૧૦માં ૧૬૨૩, ૨૦૧૧માં ૧૬૧૫, ૨૦૧૨માં ૧૭૫૮ અને ૨૦૧૩માં ૧૭૧૫ કેસ નોંધાયા હતા. દ્રઝઈમ્ એ વર્ષ ૨૦૨૦ સુધી જ રિપોર્ટ જાહેર કર્યો છે, ૨૦૨૦ સુધી ગુજરાતમાં રમખાણોના ૨૯,૧૫૦ કેસ નોંધાયા છે.

નોંધનીય છે કે ૨૦૧૪ સુધી એનસીઆરબી રિપોર્ટમાં તમામ પ્રકારના રમખાણોને એક જ શ્રેણીમાં રાખવામાં આવ્યા હતા. ૨૦૧૪ પછી, રમખાણોની વિવિધ શ્રેણીઓ અનુસાર આંકડા રજૂ કરવામાં આવ્યા હતા. રમખાણોની કુલ સંખ્યાની સાથે એનસીઆરબી રિપોર્ટમાં એ પણ જણાવવામાં આવ્યું હતું કે આ રમખાણોમાંથી કેટલા સાંપ્રદાયિક છે, કેટલા બિઝનેસ સાથે જોડાયેલા છે અને કેટલા રાજકીય રમખાણો છે.

એનસીઆરબી અનુસાર, ગુજરાતમાં વર્ષ ૨૦૧૪માં રમખાણોના ૧,૩૫૪ કેસ નોંધાયા હતા. જેમાંથી ૫૭ કેસ કોમી રમખાણોના હતા. વર્ષ ૨૦૧૫માં રમખાણોના ૧,૭૫૧ કેસ નોંધાયા હતા. વર્ષ ૨૦૧૬માં ગુજરાતમાં ૬૨ કોમી રમખાણોના કેસ નોંધાયા હતા. તેવી જ રીતે, વર્ષ ૨૦૧૭ અને ૨૦૧૮માં ગુજરાતમાં અનુક્રમે ૧,૭૪૦ અને ૧,૮૯૮ રમખાણો નોંધાયા હતા. જેમાંથી કોમી રમખાણો ૪૪ અને ૩૯ હતા. ૨૦૧૯માં ગુજરાતમાં કોમી રમખાણોના ૨૨ અને ૨૦૨૦માં ૨૩ કેસ નોંધાયા હતા. તત્કાલિન ગૃહ રાજ્ય મંત્રી હંસરાજ આહિરે ૨૦૧૮માં લોકસભામાં એક પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું કે ગુજરાતમાં વર્ષ ૨૦૧૪, ૨૦૧૫, ૨૦૧૬ અને ૨૦૧૭માં અનુક્રમે ૭૪, ૫૫, ૫૩ અને ૫૦ સાંપ્રદાયિક અથડામણો થઈ હતી.

આ દલીલ સાચી ગણી શકાય કે ગુજરાતમાં વર્ષ ૨૦૦૨ પછી આટલા મોટા તોફાનો થયા નથી. પરંતુ, એ પણ હકીકત છે કે રમખાણો પણ મોટી સંખ્યામાં થયા છે. ૧૦ એપ્રિલ, ૨૦૨૨ ના રોજ, ગુજરાતમાં રામ નવમી નિમિત્તે ખંભાત અને હિંમતનગર બે શહેરોમાં કોમી અથડામણ થઈ હતી. આ ઘટનામાં ૧ વૃદ્ધનું મોત થયું હતું, જ્યારે ૧ વ્યક્તિ ઘાયલ થયો હતો. ખંભાતમાં કોમી અથડામણમાં એક વ્યક્તિનું મોત થયું હતું અને અન્ય એક ઘાયલ થયો હતો. ૨૦૦૬ માં, ગુજરાતના વડોદરામાં કોમી અથડામણમાં છ લોકો માર્યા ગયા અને ડઝનેક ઘાયલ થયા. સમાચાર અહેવાલો અનુસાર, મ્યુનિસિપલ કોર્પોરેશને સૈયદ ચિશ્તી રશીદુદ્દીનની દરગાહને હટાવવાનો નિર્ણય લીધો હતો, જે બાદ મામલો ગરમાયો હતો. આ સાંપ્રદાયિક હિંસા પર કાબૂ મેળવવા માટે ભારતીય સેનાના લગભગ એક હજાર સૈનિકો પહોંચ્યા હતા. વડા પ્રધાન નરેન્દ્ર મોદીની યુએસ મુલાકાત પહેલાં વર્ષ ૨૦૧૪માં બરોડામાં હિંસા ફાટી નીકળી હતી. એક ધાર્મિક સ્થળનો વાંધાજનક ફોટો વાયરલ થયા બાદ હિંસા ફાટી નીકળી હતી.

# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર


## રૈયોલીમાં રૂ.૧૬.૫૦ કરોડના ખર્ચે નિર્માણ થયેલા

# દેશના સૌ પ્રથમ અને વિશ્વના ત્રીજા ફોસીલ પાર્ક-ડાયનાસોર મ્યુઝિયમ ફેઇજ-૨ ના વિકાસ કામોનું મુખ્ય મંત્રીના હસ્તે લોકાર્પણ

લુણાવાડા,

મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતમાં પ્રવાસન ઉદ્યોગ અને પ્રવાસન પ્રવૃત્તિને વેગ મળ્યો છે. ગુજરાત આજે વિશ્વના નકશામાં મહત્વના પ્રવાસન કેન્દ્ર તરીકે ઉભરી આવ્યું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આજે મહીસાગર જીલ્લાના રૈયોલીમાં ગુજરાત રાજ્ય પ્રવાસન નિગમ દ્વારા રૂ.૧૬.૫૦ કરોડના ખર્ચે નિર્માણ થયેલા દેશના સૌ પ્રથમ અને વિશ્વના ત્રીજા ફોસીલ પાર્ક–ડાયનાસોર મ્યુઝિયમ ફેઈજ–૨ ના વિકાસકામોનું નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ, ગ્રામ વિકાસ મંત્રી અર્જુનસિંહ ચૌહાણ, આરોગ્ય રાજયમંત્રી નિમિષાબેન સુથારની ઉપસ્થિતિમાં લોકાર્પણ કર્યું હતું. આ તકે મુખ્યંત્રી તથા મહાનુભાવોએ ડાયનાસોર મ્યુઝિયમની મુલાકાત લઈ ૫–ડી થિયેટર, ડિજિટલ ફોરેસ્ટ, ૩૬૦ ડિગ્રી વર્ચ્યુઅલ રિયાલિટી, એક્સપેરીમેન્ટ લેબ, સેમી સર્ક્યુલર પ્રોજેકશન, મૂડ લાઈટ, ૩–ડી પ્રોજેકશન મેપિંગ સહિત હોલોગ્રામનું જીણવટ પૂર્વક નિરીક્ષણ કરી નિહાળ્યું હતું.

રૈયોલીના ડાયનાસોર મ્યૂઝિયમથી ગુજરાતે પ્રવાસન ક્ષેત્રે એક મહત્વપૂર્ણ સિધ્ધિ હાસલ કરી છે. રૈયોલી ખાતે નિર્માણ પામેલા આ ડાયનાસોર મ્યૂઝિયમ દ્વારા ગુજરાતની ધરતીના ગૌરવની વધુ એક ઝાંખી હવે વિશ્વ નિહાળશે તેમ તેમણે ઉમેર્યું હતું.

આ સંદર્ભમાં તેમણે સ્પષ્ટપણે ઉમેર્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પ્રવાસન સ્થળોને ઉજાગર કરવા સાથે રાજ્યના વિવિધ પ્રવાસન સ્થળોએ વિશ્વ કક્ષાના આયોજનો કરી થીમ આધારિત મેળાઓનું આયોજન કરીને રાજ્યના ટુરીઝમને જીવંત કર્યું છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્રના વિકાસ દ્વારા રોજગારીના અવસરો ઊભા થયા છે, રાજ્યમાં પ્રવાસનનો વ્યાપ વધે તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્ન કરી રહી છે. પરિણામે રાજ્યના પ્રવાસન સ્થળોની મૂલાકાતે આવનાર પ્રવાસીઓની સંખ્યામાં ઉતરોત્તર વધારો થયો છે.

મુખ્ય મંત્રીએ ઉમેર્યું હતું કે, ગુજરાતમાં આજે રીલીજીયસ ટુરિઝમ, એડવેન્ચર ટુરિઝમ, સ્પોર્ટ્સ ટુરિઝમ, મેડિકલ ટુરિઝમ, બોર્ડર ટુરિઝમ, વાઈલ્ડ લાઈફ ટુરિઝમ, બીચ



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

ટુરિઝમ જેવા વિવિધ પ્રવાસન ક્ષેત્રો વિકસ્યા છે.

રૈયોલીના ડાયનાસોર મ્યૂઝિયમથી ગુજરાતે પ્રવાસન ક્ષેત્રે એક મહત્વપૂર્ણ સિધ્ધિ મેળવી છે એમ જણાવતાં તેમણે કહ્યું કે ગુજરાતની ધરતીના ગૌરવની વધુ એક ઝાંખી વિશ્વને જોવા મળવાની છે.

ગુજરાત પ્રાચીન ભૂમિ છે અને તેના મૂળિયા છેક પ્રાગૈતિહાસિક યુગ સુધી લંબાય છે. રૈયોલી ગામની ધરતી ગુજરાતના એ પ્રાગૈતિહાસિક યુગની સાક્ષી પુરે છે અને આપણે આ ઈતિહાસને દુનિયા સમક્ષ ખુલ્લો મુકયો છે, તેમ મુખ્ય મંત્રીએ જણાવ્યું હતું.

ભારતના પ્રાગૈતિહાસિક યુગને જીવંત કરનારો આજનો પ્રસંગ છે, તેમ જણાવતા તેમણે ઉમેર્યું કે, સ્ટીવન સ્પીલબર્ગે ''જુરાસિક મ્યૂઝિયમ'' નામની જગપ્રસિદ્ધ ફિલ્મ બનાવી હતી. ૧૯૯૩માં રિલીઝ થયેલી એ ફિલ્મ અબાલ–વૃદ્ધ સૌને ઘેલું લગાડ્યું હતું. લોકોએ પહેલી જ વખત વિરાટકાય ગરોળી જેવા ડાયનાસોરને સિનેમાના પડદે જોઈને ડાયનાસોર યુગના અદ્વિતીય રોમાંચનો અનુભવ કર્યો હતો. તેમણે કહ્યું કે અત્યાર સુધી જે રોમાંચ આપણે સૌએ માત્ર ફિલ્મો અને ટેલિવિઝનના પડદે જ અનુભવ્યો હતો. તે જ રોમાંચ ગુજરાતમાં આ મ્યૂઝિયમમાં ડાયનાસોર સ્ટેચ્યૂ, રસપ્રદ માહિતી અને ડાયનાસોર સાથે સંબંધિત અદભૂત પ્રદર્શનના માધ્યમથી હવે પ્રવાસન પ્રેમીઓને નિહાળવા મળશે.

અત્યાર સુધી ડાયનાસોર વિશે માત્ર કલ્પનાઓ કરી હતી, કેવા મહાકાય દેખાતા હશે, શું ખાતા હતા, કેવી રીતે જીવતા હતા, આ બધી કલ્પનાઓનો જવાબ અહીં મ્યુઝીયમ જોયા પછી મળશે.

વિશ્વનું આ ત્રીજું ડાયનાસોર મ્યુઝીયમ વિશ્વના અનેક પ્રવાસીઓ, પુરાતત્વ વિદો અને વિષય નિષ્ણાતો માટે આકર્ષણનું કેન્દ્ર બનશે.

મ્યુઝીયમની કામગીરી સાથે જોડાયેલા સૌને અભિનંદન આપતા તેમણે જણાવ્યું કે આ ડાયનાસોર મ્યૂઝિયમ રૈયોલી અને બાલાસિનોર તાલુકાને વર્લ્ડ ટુરિઝમ મેપ પર ચમકાવશે.જેને પરિણામે ગુજરાતનું ટુરિઝમ સેકટર વધુ મજબૂત બનશે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે રાજ્ય સરકારે વડાપ્રધાનની પ્રેરણાથી પ્રવાસન સર્કીટ વિકસાવીને પ્રવાસન પ્રવૃત્તિને વેગ આપવાનો અભિગમ અપનાવ્યો છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી, મહાકાલી ધામ પાવાગઢ, રતનમહાલ રીંછ અભ્યારણ્ય અને રૈયોલી ડાયનાસોર મ્યૂઝિયમને ટુરિઝમ સરકિટમાં સમાવી રિલિજયસ ટુરિઝમ, વાઈલ્ડ લાઈફ ટુરિઝમ, પ્રાગૈતિહાસિક પ્રવાસન અને વિશ્વની આધુનિક અજાયબી ધરાવતા પ્રવાસન ચારેયનો સમન્વય સાધીને વિશ્વના પ્રવાસીઓને આકર્ષિત કરી શકાય એ દિશામાં ગુજરાત સરકાર આગળ વધી રહી છે.

મહીસાગર જિલ્લો તેના અદ્દભત કુદરતી સૌંદર્યને કારણે પ્રવાસન ક્ષેત્રના વિકાસની અનેક સંભાવનાઓ ધરાવે છે. રાજ્ય સરકારે પ્રવાસન દ્વારા સ્થાનિકોને રોજગારી મળે, જિલ્લાની અર્થવ્યવસ્થાને પ્રોત્સાહન મળે તેવા હેતુ થી મહીસાગર ટુરિસ્ટ સર્કિટ વિકસાવવાનું આયોજન હાથ ધર્યું છે. તેમ જણાવી મુખ્યમંત્રીએ ઉમેર્યું કે, આગામી ત્રણ વર્ષમાં કડાણા એરિયા ડેવલપમેન્ટ, સ્વરૂપ સાગર લેક ડેવલપમેન્ટ, કલેશ્વરી ડેવલપમેન્ટ, કેદારેશ્વર ધામોદ ડેવલપમેન્ટ, માનગઢ હિલ ડેવલપમેન્ટ તેમજ ગલતેશ્વર ડેવલપમેન્ટ, ડાકોર ડેવલપમેન્ટ જેવા અનેક કામો હાથ ધરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વામાં દેશમાં આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવાઇ રહ્યો છે. આ અમૃત મહોત્સવમાં પ્રવાસન પ્રવૃત્તિ એક ભારત શ્રેષ્ઠ ભારત સાકાર કરવાનું સર્વોત્તમ ક્ષેત્ર છે. આ ડાયનાસોર મ્યુઝિયમ ફેઈઝ–૨ પ્રવાસન પ્રવૃત્તિને વેગ આપીને રાજ્યમાં ટુરિઝમ સેક્ટરનો અમૃતકાળ લાવશે એવો વિશ્વાસ મુખ્યમંત્રીએ વ્યક્ત કર્યો હતો.

મહીસાગર જિલ્લાના પ્રભારી અને ગ્રામ વિકાસ મંત્રી અર્જુનસિંહ ચૌહાણે જણાવ્યું કે રાજ્ય સરકાર ગુજરાતમાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે પ્રતિબધ્ધ છે. મુખ્ય મંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્યમાં પવિત્ર યાત્રાધામો અને શ્રદ્ધા કેન્દ્રોનો વિકાસ કરવામાં આવી રહ્યો છે. તાજેતરમાં દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પાવાગઢમાં જગત જનની મા કાલિકાના નવનિર્મિત મંદિરે ૫૦૦ વર્ષ બાદ દવજારોહણ કર્યું હતું. રૈયોલીનું આ ડાયનાસોર પાર્ક ગુજરાત, દેશ અને વિશ્વ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનશે એટલુ જ નહી ડાયનાસોરની સૃષ્ટિમાં રસ ધરાવતા સંશોધકો અને યુવાનો માટે રસપ્રદ બની રહેશે તેમ તેમણે ઉમેર્યું હતું.

ઉલ્લેખનીય છે કે, મ્યુઝિયમમાં લગભગ ૪૦ જેટલાં ડાયનોસોરના સ્કલ્પચર પ્રદર્શનમાં મૂકવામાં આવ્યા છે. જે તેમના કદ, આકાર, આદતો અને રહેણાંક વિસ્તારની સચોટ માહિતી પુરી પાડે છે. અહી બાળકોના મનોરંજન માટે ડિનો ફન પણ બનાવવામાં આવ્યું છે. ફોસિલ પાર્ક અને મ્યુઝિયમ બાળકથી લઈને વડીલો સુધી તમામ ઉંમરના લોકો માટેનું એક આગવું પ્રવાસન સ્થળ છે. અહીં આવતા પ્રવાસીઓ પાર્ક અને મ્યુઝિયમમાં લગાવવામાં આવેલા ડાયનોસોરના સ્ટેચ્યુ સાથે ફોટા–સેલ્ફી પણ લઈ શકે છે.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોર, સાંસદ રતનસિંહ રાઠોડ, ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવક, પૂર્વ ધારાસભ્યો, પદાધિકારીઓ, ગુજરાત પ્રવાસન નિગમના સચિવ હરિત શુકલા, એમ.ડી. આલોકકુમાર પાંડે, કલેકટર ડો.મનીષ બંસલ, જિલ્લા વિકાસ અધિકારી કે.ડી.લાખાણી સહિત વિશાળ સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# સંતરામપુરના વાંઝીયા ખુટ પંચાયતમાં ૨૨ લાભાર્થીને શૌચાલયની રકમ નહિ ચુકવાતા રજુઆત

સંતરામપુર,

સંતરામપુર તાલુકાના વાંઝીયા ખુટ પંચાયતમાં ૨૨ જેટલા લાભાર્થીઓને શૌચાલયના ન ચુકવતા ઉચ્ચ કક્ષાએ રજુઆત કરાઈ. સંતરામપુર તાલુકાના વાંઝીયા ખુટ ગામે ડબુણી વિસ્તારમાં રહેતા ૨૦૨૦ ના લાભાર્થીઓને શૌચાલયની રકમ ચૂકવવામાં આવેલી જ નથી. કેન્દ્ર સરકારની યોજના મુજબ સરપંચ અને તલાટી દ્વારા ઘરે–ઘરે શૌચાલય બનાવવાનું કામગીરી હાથ ધરવામાં આવેલી હાથ ધરી અને જણાવેલું કે, ગ્રામજની પોતાના ઘર આંગણે શૌચાલય બનાવવાના છે. સરપંચ અને તલાટીએ કહ્યું હતું કે, તમારા ખાતામાં તમારા પૈસા તમને મળી જશે. ૧૨,૫૦૦/– રૂપિયા તમે પોતાના ઘરે શૌચાલય બનાવી દો આ રીતે



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

ગ્રામજનો ભેગા મળીને પોતાના ઘર આંગણે શૌચાલય ઉભા કરેલા હતા. પરંતુ ૨૦૨૦ માં શૌચાલય બનાવવાની કામગીરી પૂર્ણ થઇ ગઇ હતી. પરંતુ આજદિન સુધી તમને નાણાં ચુકવવામાં આવેલા ન હતા. ગમે ત્યારે પણ સરપંચ અને તલાટી ઓફિસમાં રજૂઆત કરે તો તમારા ખાતામાં પૈસા જમા થઈ જશે, પરંતુ આજદિન સુધી રકમ ચૂકવવામાં આવી જ હતી. માલ રમેશભાઈ મુખ્યમંત્રીની લેખિતમાં રજૂઆત કરી હતી અને મહિસાગર જિલ્લામાં અને સંતરામપુર તાલુકા વિકાસ અધિકારીને પણ આ બાબતની લેખિતમાં રજૂઆત કરવા છતાંય આજ દિન સુધી પોતાના લાભાર્થીઓની રકમ ચૂકવવામાં આવેલી જ હતી. આશરે ૨૨ લાભાર્થીઓના ૨,૭૫,૦૦૦/– રકમ ચૂકવવામાં આવી જ નથી. ફરીથી સરપંચ રજૂઆત કરેલી કે શૌચાલયના પૈસા અમને ચૂકવી દો સરપંચ જણાવેલું કે, તમારા પૈસા તો કોન્ટ્રાક્ટર લઈને જતો રહ્યો છે. અમારી પાસે આવવાનું નહીં નિનામા નારણભાઈ પ્રતાપભાઈ લાભાર્થી ગ્રામજનોએ શૌચાલય બાબતની અને રકમ ચૂકવવાની અમને જાણ કરી હતી પરંતુ અમે યોગ્ય તપાસ કરીને આમાં તો જવાબ આપીશું એમ પત્ર દ્વારા જણાવ્યું હતું.

# કડાણા ડેમમાં જળ સપાટી ઘટતા નદીનાથ મહાદેવ ખુલતા દર્શનાર્થી ઘેલા બની દર્શનનો લાભ લીધો



લુણાવાડા,

મહીસાગર જીલ્લાના કડાણા ડેમની જળ સપાટીમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો. કિનારા અને બેટ ખુલ્લા થતા ડેમની વચ્ચોવચ પથ્થરોની ગુફામાં આવેલ ૮૫૦ વર્ષ પૌરાણિક નદીનાથ મહાદેવ મંદિરના દ્વાર ખુલતા દર્શનઘેલા ભક્તો આનંદવિભોર બન્યા હતા.

મહિસાગર જીલ્લાના કડાણા ડેમમાં હાલ નહિવત પાણીનો જથ્થો જોવા મળી રહ્યો છે હાલ પાણીના સ્તર નીચે ઉતરતા જળાશય કેચમેન્ટ વિસ્તારમાં પાણીની વચ્ચે આવેલ નદીનાથ મહાદેવ મંદિર ના દ્વાર ગત વર્ષે ચોમાસા બાદ પુનઃ ખુલ્લા થતા ભક્તો દર્શન ઘેલા બન્યા હતા. મહીસાગર નદીના બેટ વિસ્તારમાં આવેલ ઐતિહાસિક અને પૌરાણિક દંત કથાઓ સંકળાયેલી છે. ગુફામાં આવેલ શિવજી મંદિર પ્રત્યે ભક્તોમાં એક વિશેષ આસ્થા સાથે અતૂટ શ્રદ્ધા જોડાયેલ છે. મંદિરના દર્શન માટે અહીંયા એક માત્ર નદીમાં હોડી (નાવડી)ના રસ્તે મંદિર સુધી પહોંચી શકાય છે. આ મંદિર ડેમના બાંધકામ બાદ ડુંબાણમાં ગયું હતું. એક લોકવાયકા મુજબ કડાણા ડેમના નિર્માણ પહેલા અહીંયા મહિ પુનમ, ભાદરવી પૂનમે મેળો ભરાતો હતો. જેમાં મોટી સંખ્યામાં લોકો આવતા હતાં પરંતુ ત્યાર બાદ ડેમના નિર્માણ થતાં ગુફામાં આવેલ ભેકોટલીયા, બાવજી મંદિર તેમજ નદીનાથ મહાદેવ મંદિર ડૂબાણમાં જતા આઠ સો પચાસ વર્ષ પુરાણું આ ઔલોકિક શિવજીનું આ ગુફા મંદિર ૨૦ વર્ષ બાદ ૨૦૨૦માં શ્રાવણ માસમાં ખૂલ્યું હતું અને આ વર્ષે ફરી એક વાર ખુલતાં દર્શનઘેલા ભકતા` આનંદવિભોર બન્યા હતા.

આશ્ચર્યજનક બાબત એ છે કે, કડાણા ડેમ બન્યાના આજે ૫૦ વર્ષ ઉપર સમય થયો છે. ત્યારે આટલા વર્ષો દરમિયાન અનેક વખત મહિસાગર નદીએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યાં બાદ પણ ગુફામાં આવેલ શિવલિંગ છુટું હોવા છતાં એના એજ સ્થાને બિરાજમાન હોય શ્રદ્ધાળુઓમાં ગુફામાં આવેલ શિવજીના મંદિર પ્રત્યે એક વિશેષ આસ્થા સાથે અતૂટ શ્રદ્ધા જોડાયેલી મંદિરના પૂજારી ડાહ્યાગર ગોસાઈના જણાવ્યા મુજબ રાજા રજવાડાં સમયથી અહીંયા નદીની વચ્ચે ગુફામાં હજારો વર્ષ જુનું પૌરાણિક સ્વયંભૂ મંદિર આવેલું છે. જે અમારા બાપદાદા અહીંયા વર્ષોથી પુજા કરે છે. ડેમના નિર્માણ સમયે આ મંદિર ડૂબાણમાં જતા ડેમને અડીને આવેલા ડુંગર ઉપર કિશોરસિંહ પરમાર (કડાણા)ના નેતૃત્વમાં કડાણા ગામના વિદ્વાન બ્રાહ્મણો દ્વારા વિધિવત પુજા અર્ચના કરી ઓરિજિનલ શિવલિંગ અહીંયા સ્થાપિત કર્યું હતું.

# સંતરામપુર રાણાવાસ પાસે વીજ પોલને અડકી જતાં બાળકીને કરંટ લાગ્યો : સદ્દનસીબે જાન બચી

સંતરામપુર,

સંતરામપુર નગરના રાણાવાસ વિસ્તારમાં નાની બેબીને વીજ કરંટ લાગ્યો. મધ્ય ગુજરાત વીજ કંપની ઘોર બેદરકારી સંતરામપુર નગરના રાણાવાવ વિસ્તારની અંદર રહીશોના ઘર આંગણે વીજ પોલના છુટા વાયરોના કારણે નાની બેબીને લાગ્યો. કરંટ બુમ બરાડા પાડતા આજુબાજુના રહીશોના ઘરના પરિવારો લાકડાના ડંડા વડે વીજ થાંભલા થી દૂર કરવામાં આવેલી હતી. તાત્કાલિક



હોસ્પિટલ ખસેડવામાં આવેલ હતી . હાલમાં તબિયત સારી છે, પરંતુ વરસાદ ચાલુ થતા જ આવા થાંભલા ઉપરથી કરંટ ઉતરતાં જ ઘટના બની હતી. બેબી રમીને ઘરમાં આવતી હતી. કરંટ આવતા જ થાંભલા સાથે ખેંચાઈ ગઈ. આખા રાણાવાસ વિસ્તારમાં આજ પરિસ્થિતિ જોવાઈ રહી છે. આવી રીતે ખુલ્લા વાયરના કારણે શોર્ટ સર્કિટનું જોખમ વધ્યું, પરિવાર એમજીવીસીએલમાં ફોન કરીને જાણ કરી પરંતુ જાણે હજુ સુધી કોઈ કર્મચારી આવીને કામગીરી કરવામાં આવી નથી.



તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

**મલેકપુરમાં એક કલાક સુધી વાવાઝોડુ વાયુ વાવાઝોડા સાથે વરસાદનું આગમન મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના મલેકપુર પંથકમાં સાંજના સમયે વાવાઝોડા સાથે વરસાદ થયો હતો. સતત બે દિવસથી ગરમી વધારે પડતી હતી. ત્યારે અચાનક જ વાતાવરણમાં પલટો આવતા જ મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના મલેકપુરમાં સાંજના ચાર વાગ્યાથી લઈને વાવાઝોડાનું આગમન થયું હતુ.**

## આપની આજ.......

મેષ : તમે વ્યવસાયમાં મહત્વાકાંક્ષી યોજના શરૂ કરી શકો છો. તમે ઘરના બાંધકામની જરૂરિયાતનો અનુભવ કરશો. સંબંધીઓ સાથેના સંબંધોમાં સુધાર થશે અને પ્રેમજીવનમાં તમારું માન વધશે.

વૃષભ : વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે કેટલીક સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે, આ માટે તેઓને મોટા લોકોને મળવાનું રહેશે. નાણાકીય રીતે પરિસ્થિતિઓ તણાવપૂર્ણ બની શકે છે, તેથી તમારે ધંધામાં વધુ મહેનત કરવી પડી શકે છે.

મિથુન : આજનો દિવસ મિશ્રિત ફળદાયક રહેશે. વિદ્યાર્થીઓએ વધુ અભ્યાસ કરવાની જરૂર રહેશે. કોઈની સાથે સંઘર્ષને કારણે વર્તનમાં પરિવર્તન લાવવું પડશે. પારિવારિક ખર્ચ અને આર્થિક વ્યવહારમાં પણ ધ્યાન રાખવાની જરૂર છે.

કર્ક : વેપારની સ્થિતિમાં સકારાત્મક પરિવર્તન આવશે. લાંબા સમયથી બંધ રહેલા માલના વેચાણમાં અચાનક ઉછાળો આવશે. દાંપત્ય જીવનમાં તમને પૂર્ણ સહયોગ અને વિશ્વાસનો અનુભવ થશે.

સિંહ : ઘરમાં કોઈ સભ્યને કારણે સામાજીક માન ગુમાવવાની સંભાવના છે. પ્રિયજનો સાથે મુલાકાત થશે અને ખર્ચા પૂરા થશે. સાંજનો સમય લોકોની અપેક્ષાઓને પૂર્ણ કરવામાં પસાર થશે. તમને સાંજના સમયે કોઈ ઉત્સવમાં ભાગ લેવાની તકો મળશે.

કન્યા : ધંધાને કારણે પરિવારને સમય આપી શકતા નથી, જેના કારણે મન ઉદાસ થઈ જશે. દિવસની શરૂઆતથી જ તમે કોઈ મહત્વપૂર્ણ કામના જોડાણમાં વ્યસ્ત રહેશો, ક્યાંક પ્રવાસ પણ થઈ શકે છે.

તુલા : તમારું કાર્યક્ષેત્રમાં માન રહેશે અને એક પછી એક કામનું નિરાકરણ લાવશો. મુસાફરી કરવાનું ટાળો નહીં તો આરોગ્ય ખરાબ થઈ શકે છે. સમય પ્રમાણે ધંધામાં ભાગદોડી કરીને તમે પ્રગતિ કરશો.

વૃશ્ચિક : કાર્યક્ષેત્ર માટે આજનો સમય લાભકારક છે, તમે કુશળતા અને વર્તનથી બધું મેળવી શકો છો. સખત મહેનત બાદ જટિલતાનો અંત આવશે. પરંતુ વધારે ઉત્સાહને લીધે કામ બગડે છે, તે ધ્યાનમાં રાખો.

ધન : આ દિવસે તમારો સ્વભાવ ખૂબ જીદ્દી રહેશે. ઘરના સભ્યો પ્રત્યે વર્તનમાં કડવાશ હોઈ શકે છે પરંતુ વિરોધીઓ પ્રત્યે નરમ રહેશો. આ કાર્યસ્થળ અથવા સામાજિક સ્તરે પણ નુકસાન પહોંચાડી શકે છે. પૈસાના લાભ આજે સામાન્ય રહેશે, પરંતુ દેખાડાના ખર્ચા વધુ થશે.

મકર : આજે તમારા વિચારો ઘણા દિવસો પછી બીજા લોકો સાથે મેળ ખાશે. મહત્વપૂર્ણ વ્યવસાય સંબંધિત ડીલમાં તમને સફળતા મળશે. વિદેશી સંબંધિત ધંધામાં પણ સફળતા મળશે. વૈવાહિક સુખમાં વધારો થશે, પરંતુ પડોશીઓને કારણે થોડી મુશ્કેલીઓ આવી શકે છે.

કુંભ : આજે કાર્યક્ષેત્રમાં ટૂંકા સમયમાં આશાસ્પદ લાભ મળી શકે છે, પરંતુ આ માટે મનને કામ તરફ વાળવું પડશે. પરિશ્રમ પછી ઈચ્છિત લાભ થશે. સહજતાથી બધાં કામ સમયસર થતાં જોવા મળશે.

મીન : વેપાર વર્ગ કરતાં વેપારીઓ માટે દિવસ વધુ આનંદપ્રદ રહેશે. આખો દિવસ મનોરંજનની તકો પણ સરળતા સાથે મળશે, પરંતુ કોઈ કારણોસર મન પણ ભયભીત રહેશે. વેપારી વર્ગ બપોર સુધી ધંધામાં વ્યસ્ત રહેશે. આયોજિત કાર્યક્રમો પણ સફળ થશે અને આર્થિક લાભ પણ મળશે.

### મનકી બાત'માં મોદીજીએ કહ્યું

# ઈમરજન્સી વખતે લોકશાહીને કચડવાનો પ્રયાસ થયો હતો ! આજે યુવાનો 'આકાશ'ને સ્પર્શી રહયા છે !

નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી 'મન કી બાત' કાર્યક્રમ દ્વારા દેશને સંબોધિત કરી રહ્યા છે. તેમણે કહ્યું કે ઈમરજન્સી દરમિયાન લોકોના અધિકારો છીનવાઈ ગયા હતા.લોકશાહીને કચડી નાખવાનો પ્રયાસ થયો હતો. ઈમરજન્સી દરમિયાન લોકોના સંઘર્ષનો સાક્ષી બનવાનું સૌભાગ્ય પણ મને મળ્યું. વડાપ્રધાને કહ્યું કે, આજે જ્યારે દેશ આઝાદીનો અમૃત ઉત્સવ મનાવી રહ્યો છે ત્યારે આપણે કટોકટીનો ભયાનક સમય ભૂલવો ન જોઈએ.

તેમણે કહ્યું કે લોકોના જીવનનો અધિકાર છીનવાઈ ગયો છે. આમ છતાં લોકોનો લોકશાહીમાંથી વિશ્વાસ ઓછો થયો નથી. પીએમ મોદીએ મન




કી બાતમાં કહ્યું, છેલ્લા કેટલાક વર્ષોમાં અંતરિક્ષ ક્ષેત્રમાં ઘણા કામ થયા છે. અગાઉ સ્પેસ સેક્ટરમાં સ્ટાર્ટઅપ્સ વિશે વિચાર્યું પણ નહોતું, પરંતુ નાના શહેરોના યુવાનો આ ક્ષેત્રમાં કામ કરી રહ્યા છે. તેમણે કહ્યું કે, જો દેશના યુવાનો આકાશને સ્પર્શવા તૈયાર હોય તો આપણો દેશ કેવી રીતે પાછળ રહી શકે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જગન્નાથ યાત્રા, પંઢરપુર યાત્રા, અમરનાથ યાત્રા, દક્ષિણ ભારતમાં સબરીમાલા યાત્રા નો ઉલ્લેખ કરી જણાવ્યું કે આ પ્રવાસો આપણને ગરીબોની સેવા કરવાની તક આપે છે. આ યાત્રાઓમાં એક ભારત, શ્રેષ્ઠ ભારતની ઝલક જોવા મળે છે. આ યાત્રાઓમાં કોઈ અમીર કે ગરીબ નથી. બધા ભક્તો છે. જ્યારે પણ તમને આવી મુસાફરી કરવાનો મોકો મળે, ત્યારે સેવાની તક ગુમાવશો નહીં. પીએમ મોદીએ સ્વચ્છતા, કોરોના રસી અંગે પણ ચર્ચા કરી અને કહ્યું કે સ્વચ્છતા પર વિશેષ ધ્યાન આપવું જોઈએ.

નીરજ ચોપરાએ પોતાનો જ રેકોર્ડ તોડવાનો ઉલ્લેખ કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે અમે રમતગમત અને સ્પેસ સ્ટાર્ટઅપ દ્વારા વિકાસ કરીશું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ ખેલો ઈન્ડિયાનો ઉલ્લેખ કર્યો હતો. પીએમએ કહ્યું કે આ ગેમ્સમાં કુલ ૧૨ રેકોર્ડ તોડવામાં આવ્યા છે, જેમાંથી ૧૧ રેકોર્ડ મહિલા ખેલાડીઓએ તોડ્યા છે. પીએમ મોદીએ કાશ્મીરના આદિલનો ઉલ્લેખ કર્યો. તેના પિતાનો ઉલ્લેખ કર્યો. વેઈટ લિફ્ટિંગ વિજેતા પિતા સાથે ચર્ચા કરી. પરિવારની મહેનતના કારણે આ બાળકોએ કરિશ્મા કર્યો છે. રોહતકની તનુનો ઉલ્લેખ કરતા કહ્યું કે તનુના પિતા ડ્રાઈવર છે પરંતુ તનુએ કુશતીમાં ગોલ્ડ જીતીને તેના પિતાને ગૌરવ અપાવ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે ખેલો ઈન્ડિયામાં ૫ સ્વદેશી રમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. પીએમ મોદીએ ચેસ ઓલિમ્પિયાડનો પણ ઉલ્લેખ કર્યો. પીએમે કહ્યું કે જ્યારે રમતની વાત આવે છે, ત્યારે હું ભારતની સૌથી પ્રતિભાશાળી ક્રિકેટર મિતાલી રાજનો ઉલ્લેખ કરવા માંગુ છું. મિતાલી ઘણા ખેલાડીઓ માટે પ્રેરણારૂપ રહી છે. હું તેમને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છા પાઠવું છું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે અગરતલાની ચિતુરેઈ નદીને બચાવવા માટે એક અનોખો પ્રયોગ કરવામાં આવ્યો. યુવાનોએ નદીમાંથી નીકળતા પ્લાસ્ટિકના કચરાનો રસ્તા બનાવવા માટે ઉપયોગ કર્યો છે. આજે મિઝોરમના એક ગામનો રસ્તો આ પ્લાસ્ટિકના કચરાથી બનેલો છે. એટલે કે સ્વચ્છતાની સાથે સાથે વિકાસ પણ. પીએમ મોદીએ સિંગલ યુઝ પ્લાસ્ટિક વિરુદ્ધ અભિયાનને વધુ મજબૂત બનાવવાની વાત કરી હતી. તેમણે કહ્યું કે હાલ હિમાચલ પ્રદેશમાં સાયકલિંગ સ્પર્ધા ચાલી રહી છે. જ્યાં પર્યાવરણ બચાવો, નદી બચાવો તેવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

### દાહોદ જિલ્લા ના દેવગઢબારિયા નગરમાંથી

# ગેરકાયદેસર રેતી ભરી જતા બે હાઈવા ડમ્પરને મામલતદારે ઝડપી પાડતા રેતી માફિયાઓ ફફડાટ

- સફેદ રેતીનો કાળો કારોબાર તાલુકામાં ફૂલ્યોફાલ્યો.
- તાલુકાના અનેક ગામોમાં રાત્રિના સમયે મોટા પાયે ચાલતો રેતીનો કાળો કારોબાર.
- સ્થાનિક તંત્રએ બે ગેરકાયદેસર વગર પાસ પરમીટે ભરી જતા હાઈવા ડમ્પર ઝડપી પાડતાં ફફડાટ.



દાહોદ,

દેવગઢ બારીયા તાલુકામાં ગેરકાયદેસર સફેદ રેતીનો કાળો કારોબાર ફૂલ્યોફાલ્યો છે. ત્યારે રેતી માફિયાઓ ને જાણે મોકળું મેદાન મળ્યું હોય તેમ બેરોકટોક ગેરકાયદેસર મોટાપાયે રેતી ખનન કરતા બે હાઈવા ડમ્પર સ્થાનિક તંત્રએ ઝડપી પાડતાં રેતી માફિયાઓ ફફડાટ ખનીજ વિભાગની પોલ ખુલ્લી હોય તેમ.

પ્રાપ્ત માહિતી મુજબ દેવગઢ બારિયા તાલુકા મા થી પસાર થતી પાનમ તેમજ ઉજળ નદીના પટમાંથી તાલુકાના ભુલવણ, બૈણા જુના બારિયા, ઉચવાણ, લવારીયા, નાથુડી રાતડીયા, રામા, ચેનપુર જેવા ગામોમાંથી મોટા પાયે સફેદ રેતીનો કાળો કારોબાર ચાલી રહ્યો હોય તેમ જોવાઈ રહ્યું છે. ત્યારે રેતી માફિયાઓ દ્વારા હાલમાં નદીના પટ્ટ સિવાય નજીકમાં આવેલા ખાનગી સર્વે નંબરના ખેતરમાં પણ આ રેતી માફિયાઓ દ્વારા મોટા પાયે ગેરકાયદેસર રેતી ખનન કરવા માટે આડેધડ ખોદકામ કરતા અનેક જમીન ધોવાણમાં જાય તેમ જોવાઈ રહી છે. ત્યારે કેટલાક માથાભારે રેતી માફિયાઓ દ્વારા ખેડૂતોને ધાક–ધમકી આપી કે પછી અન્ય કોઈ રીતે ખેતરોમાં ખોદકામ કરતા હોવાનું સ્થાનિક લોકોના મુખે ચર્ચાઈ રહ્યું છે અને સરકારી તેમજ ખાનગી જમીનમાંથી ગેરકાયદેસર રીતે મોટા પાયે રોજની હજારો ટન રેતી વહન થતી હોય તેમ જેને લઈ આ રેતી માફિયાઓ ઉપર કોઈ રાજકીય ગોડફાધરનો હાથ હોવાનું પણ સ્થાનિક લોકોમાં ચર્ચાઇ રહ્યું છે. ત્યારે લાગતું વળગતું તંત્ર પણ આ ગેરકાયદેસર રેતી ખનન અટકાવવાની જગ્યાએ આંખ આડા કાન કરતું હોય તેમ કે પછી અજાણ જેવા અનેક સવાલો ત્યારે ગત તારીખ ૨૪જૂન રોજ દેવગઢ બારિયા મામલતદાર દ્વારા સમીડી સર્કલ પાસે બે હાઈવા ડમ્પર નંબર એમપી.૪૫.એચ.૦૪૨૩ તેમજ એમએચ.૧૮.બીજી.૮૩૮૫ ને ઝડપી પાડી તપાસ હાથ ધરતા બંને ડમ્પરમાં કોઈપણ જાતની પાસ પરમીટ વગર ઓવરલોડ રેતી ભરી જતા ઝડપાઈ ગયેલ ત્યારે બંને રેતી ભરેલા ડમ્પરને ડિટેઈન કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ત્યારે મામલતદારની આ કાર્યવાહીને લઈને અન્ય ગેરકાયદેસર રેતી વહન કરતાં વાહનચાલકોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો અને રાત્રીના રેતી ખનન કરતા રેત માફિયાઓમાં પણ જાણે નાસભાગ મચી ગઇ હોય તેમ જોવાઈ રહ્યું હતું. ત્યારે સ્થાનિક તંત્રની આ કાર્યવાહીને લઈને ખનીજ વિભાગની પોલ ખુલ્લી હોય તેમ જોવાઈ રહ્યું છે. ત્યારે ખનીજ વિભાગ ગેરકાયદેસર રેતી ખનન કરતા રેતી માફિયાઓ પર સકંજો કસશે કે પછી ચલતા હૈ ચલને દો ની નીતિ અપનાવશે તે જોવાનું રહ્યું.

દેવગઢ બારીયા તાલુકા માંથી રોજની હજારો ટન ગેરકાયદેસર રેતી વહન થઈ રહી છે. ત્યારે આ રીતે વહન કરતા વાહનો ઉપર વાહન પાસિંગના આરટીઓ નંબર વાહનની આગળ કે પાછળ બંને જગ્યાએ જોવા મળતા નથી અને દરેક વાહન નંબર વગરના જ ફરતા જોવા મળી રહ્યા છે. ત્યારે કેટલીકવાર નાના મોટા અકસ્માત સર્જી આ વાહનચાલકો પોતાનું વાહન લઈને ભાગી જતા હોય છે. જેમાં કેટલીક વાર એક સરખા વાહનો હોવાના કારણે ત્યારે નંબર ન હોવાના કારણે અકસ્માત સર્જીને ભાગેલું વાહન પકડવામાં અનેક મુશ્કેલીઓ ઊભી થવા પામી છે. ત્યારે આ વિસ્તારમાં આરટીઓ દ્વારા તપાસ હાથ ધરવામાં આવે તો વગર નંબરના અનેક વાહનો ઝડપાય તેમ છે. તેમજ નંબર વગરના વાહનોના કારણે એક જ ડમ્પરની લીધેલી પાસ અન્ય ડમ્પર ઉપર પણ ચલાવતા હોય તેમ છે.

# દાહોદ શહેરમાં વરસાદના ઝાપટાં સાથે વીજ પુરવઠો ખોરવાયો



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ શહેરમાં વરસાદના બીજા ઝાપટામાં શહેરના ઘણા વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. જેમાં લક્ષ્મીનગર, પ્રસારણ નગર, ગારખાયા, રળીયાતી રાત્રીના સમયે કલાકો સુધી બંધ રહેતાં વિસ્તારના લોકોનું ટોળુ દાહોદની એમ.જી.વી.સી.એલ. કચેરી ખાતે દોડી ગયાં હતાં અને જ્યાં જવાબદાર કર્મચારીઓ કે અધિકારી દ્વારા લોકોને કોઈ પ્રકારનો જવાબ ન અપાતા લોકોમાં ભારે આક્રોશ સાથે વિસ્તારના લોકોએ એમ.જી.વી.સી.એલ. દાહોદની કામગીરી પર અનેક સવાલો સાથે અનેક આક્ષેપો પણ કર્યા હતાં.

ગતરોજ માત્ર મીનીટોના વરસાદ બાદ મેઘરાજાએ વિરામ લીધો હતો. ત્યારે રાત્રીના નવેક વાગ્યાના આસપાસ દાહોદ શહેરમાં આવેલ લક્ષ્મીનગર, પ્રસારણ નગર, ગારખાયા, રળીયાતી જેવા વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાયો હતો અને વીજળી ગુલ થઈ ગઈ હતી. રાત્રીના સમયે કલાકો સુધી વીજ પુરવઠો ચાલુ ન થતાં અને ઉપરોક્ત વિસ્તારોના રહીશો દ્વારા દાહોદ એમ.જી.વી.સી.એલ. કચેરીએ ફોન કર્યા બાદ પણ ફોન પર કોઈ નક્કર જવાબો કર્મચારીઓ દ્વારા ન અપાતા અને ત્યાર બાદ ફોન પણ ન લાગતાં આક્રોશમાં આવેલ ઉપરોક્ત વિસ્તારના રહીશો દાહોદ એમ.જી.વી.સી.એલ.ની કચેરી ખાતે ધસી ગયાં હતાં જ્યાં જઈ જોયુ તો માત્ર એક – બે કર્મચારીઓ રાત્રીના સમયે ફરજ બજાવતાં હતાં. ટેલીફોનનું રીસીવર પણ સાઈડમાં મુકેલુ હતું. ઉપરોક્ત રહીશો દ્વારા હાજર કર્મચારીઓને લાઈટ ક્યારે આવશે તેમ પુછતાં કોઈ નક્કર જવાબ મળ્યો ન હતો. ત્યારે આક્રોશમાં આવેલ ઉપરોક્ત રહીશોમાં ભારે રોષ જોવા મળ્યો હતો અને તેઓએ જણાવ્યું હતું કે, મીનીટોના વરસાદ બાદ જો લાઈટો કલાકો સુધી બંધ રહેતી હોય તો દાહોદ એમ.જી.વી.સી.એલ. ની પ્રિમોનસુનની કામગીરીની ગુલબાંગો પોકારવી કેટલી યોગ્ય ? મેન્ટેન્શનના નામે દર મંગળવારે લાઈટો બંધ કરવાનો પણ શું મતલબ જ્યારે પ્રથમ વરસાદ અને માત્ર મીનીટોના વરસાદમાં લાઈટો ગુલ થઈ જતી હોય. તમામ અધિકારીઓના મોબાઈલ ફોન પણ બંધ હોવાના આક્ષેપો કર્યા હતાં. અધિકારીઓ કે કર્મચારીઓ કોઈ જવાબ આપવા તૈયાર નથી. પ્રિમોનસુન કામગીરી માત્ર પેપર પર જ કરવામાં આવતું હોવાના આક્ષેપો પણ કરવામાં આવ્યાં હતા. જો આવનાર સમયે આ સમસ્યાનું કોઈ યોગ્ય નિરાકરણ નહીં આવે તો આવનાર દિવસોમાં ગાંધી ચિન્ધ્યા માર્ગે જવાની પણ સ્થાનીક રહીશોએ ચીમકી ઉચ્ચારી હતી.

# દાહોદ જીલ્લામાં બે માર્ગ અકસ્માતના બનાવમાં બે વ્યકિતના મોત

દાહોદ,

દાહોદ જિલ્લામાં વાહન ચાલકોની ગફલતના કારણે સર્જાયેલ માર્ગ અકસ્માતને બનેલા બે બનાવોમાં બે વ્યક્તિઓના મોત નીપજ્યાંનું જાણવા મળે છે.

માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ લીમખેડા નગરમાંથી પસાર થતાં હાઈવે પર બનવા પામ્યો હતો. જેમાં ગત તા. ૨૪મી જુનના રોજ એક તુફાન ફોન વ્હીલર ગાડીના ચાલકે પોતાના કબજાની ફોર વ્હીલર પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી તે સમયે ત્યાંથી મોટરસાઈકલ લઈ પસાર થઈ રહેલ જયેશભાઈ બાબુભાઈ સંગાડા (રહે. શાષ્ઠા, ચારેલ ફળિયુ, તા. લીમખેડા, જિ.દાહોદ)ને અડફેટમાં લેતાં જયેશભાઈ મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાયાં હતા. જેને પગલે તેઓને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહાંચતાં તેમનું મોત નીપજ્યું હતું. આ સંબંધે શાષ્ઠ ગામે ચારેલ ફળિયામાં રહેતાં બાબુભાઈ શાંતિલાલ સંગાડાએ લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો બીજો બનાવ સીંગવડ તાલુકાના પીસોઈ ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૨૫મી જુનના રોજ સીંગવડ તાલુકાના છાપરવડ ગામે સનાત ફળિયામાં રહેતાં મનોજભાઈ તથા દિનેશભાઈ બંન્ને જણા એક મોટરસાઈકલ પર સવાર થઈ સીંગવડ મુકામે આવી રહ્યાં હતા. તે સમયે રસ્તામાં એક ડમ્પરના ચાલકે પોતાના કબજાનું ડમ્પર પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી મનોજભાઈની મોટરસાઈકલને અડફેટમાં લેતાં મનોજભાઈ અને દિનેશભાઈ બંન્ને જણા મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાયાં હતા. જેને પગલે દિનેશભાઈને શરીરે, હાથે પગે અને માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજ્યું હતું. જ્યારે મનોજભાઈને શરીરે ઈજાઓ પહોંચતાં તેઓને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં. આ સંબંધે છાપરવડ ગામે સનાત ફળિયામાં રહેતાં ચંન્દ્રસિંહ સોનાભાઈ પટેલે રણધીકપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ પાલિકા ચોક ખાતે BJPએ કટોકટી દિવસને કાળા દિવસ નિમિતે કાર્યક્રમ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

તા. ૨૫/૦૬/૨૦૨૨ ના રોજ કટોકટી દિવસ નિમિતે ભારતીય જનતા પાર્ટીના સૌ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહી કાળા દિવસ નિમિતે ધરણા નો કાર્યકર્મ નગરપાલિકા ચોક, દાહોદ ખાતે સાંજે ૦૪: ૦૦કલાકે કરવામાં આવ્યું. જેમાં જિલ્લા ભાજપ મહામંત્રી કનૈયાલાલ કિશોરી તાલુકા ભાજપ પ્રમુખ મુકેશ લબાના, વિજય પરમાર, શહેર મહામંત્રી હિમાંશુભાઇ નાગર, કારોબારી સમિતી ચેરમેન લખનભાઇ રાજગોર, દંડક શ્રદ્ધાબેન ભડંગ, જિલ્લા યુવા મોરચાના પ્રમુખ મોહિતભાઇ ડામોર, મહામંત્રી અલય દરજી, તાલુકા સભ્યો, કાઉન્સિલર મિત્રો, દાહોદ ગ્રામ્ય અને શહેર સંગઠનના મોરચાના તમામ હોદ્દેદારો ભારતીય જનતા પાર્ટીના હોદેદારો તથા કાર્યકર્તાઓ હાજર રહ્યા. દાહોદ તાલુકા ભાજપ પ્રમુખ મુકેશ લબાના એ કાળા દિવસ નિમિતે માર્ગદર્શન આપવામાં આવ્યું.

## ધાનપુરના કંજેટા ગામે ઝગડામાં ગડદાપાટુનો મારમારતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના કંજેટા ગામે ગાળો ન આપવા મામલે થયેલ ઝઘડામાં એકે લાકડી વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી એકને શરીરે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

ગત તા.૧૯મી જુનના રોજ ધાનપુર તાલુકાના અલીન્દ્રા ગામે પોલર ફળિયામાં રહેતાં અજયભાઈ પરસુભાઈ પરમારે પોતાના ગામમાં રહેતાં નરસુભાઈ માનીયાભાઈ પરમારને કંજેટા ગામે મળ્યાં હતાં અને અજયભાઈએ નરસુભાઈને પુછેલ કે, મારી પત્નિ અને મારી માતાને ગાળો કેમ આપે છે ? તેમ કહેતાં નરસુભાઈ એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને પોતાના હાથમાંની લાકડી વડે અને ગડદાપાટ્ટુનો માર મારી અજયભાઈને શરીરે, હાથે પગે અને માથાના ભાગે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપતાં આ સંબંધે ઈજાગ્રસ્ત અજયભાઈ પરસુભાઈ પરમારે ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



પ્રાથમિક શિક્ષણમાં ૧૦૦% નામાંકન અને કન્યા કેળવણીના ધ્યેયને સિદ્ધ કરવા માટે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણીનો પરિણામલક્ષી કાર્યક્રમ અમલમાં મુકવામાં આવ્યો. ઉપરોક્ત ઉદેશ્યને સિદ્ધ કરવા માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માટે ઝકરીયા ઉર્દૂ પ્રાથમિક શાળા, ગોધરામાં તારીખ ૨૫ જૂનના રોજ શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં ગોધરા નગરપાલિકાના ચીફ ઓફિસર, CRC ગોધરા નગરપાલિકાના કાઉન્સિલર હાજી હનીફ કલંદર, અલ્તાફ હયાત તેમજ અન્ય આમંત્રિત મહેમાનો અને SMC સભ્યોની હાજરીમાં ધોરણ-૧ માં કુલ ૧૧૦ પ્રવેશપાત્ર બાળકોનો પ્રવેશ કરાવવામાં આવ્યો હતો.ઉપસ્થિત મહેમાનો એ બાળકોને શુભેચ્છાઓ વ્યક્ત કરી તેમને પ્રોત્સાહિત ઈનામો આપી સન્માનિત કરવામાં આવ્યાં. સાથે જ શાળામાં ધોરણ ૩ થી ૮માં પ્રથમ ક્રમે આવેલ બાળકોનું વિવિધ ઈનામો આપી સન્માન કરવામાં આવ્યું હતું.

## ફતેપુરાના કરોડીયા પૂર્વ ગામે પેટ્રોલ પંપના કર્મચારી રાત્રીના સમયે કર્મચારીએ માથા નીચે રાખેલ ૨૫ હજાર રોકડા અને મોબાઈલની ચોરી કરી જતાં તસ્કરો

દાહોદ,

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના કરોડીયા પુર્વ ગામે પેટ્રોલ પંપ પર ફરજ બજાવતાએ એક કર્મચારી રાત્રીના સમયે પેટ્રોલ – ડિઝલના વેચાણના પૈસા લઈ ખાટલામાં સુતો હતો. તે સમયે અજાણ્યા ચોર ઈસમોએ સુતેલા પેટ્રોલ પંપના કર્મચારીના માથાનાની નીચે ઓશીકાની નીચે મુકી રાખેલ રોકડા રૂપીયા ૨૫,૬૦૦/– અને એક મોબાઈલ ફોન મળી કુલ રૂા. ૩૭,૬૦૦/–નો મુદ્દામાલ ચોરી કરી તસ્કરો નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવવા પામી છે.

ગત તા.૨૩મી જુનના રોજ ફતેપુરા તાલુકાના કરોડીયા પુર્વ ગામે આવેલ એન્ટર પ્રાઈઝ પેટ્રોલ પંમ્પ ઉપર ફીલર તરીકે નોકરી કરતાં અનિલભાઈ મનસુખભાઈ મછાર રાત્રીના ૧૧.૩૦ વાગ્યાના આસપાસ પેટ્રોલ પંમ્પની ખુલ્લી જગ્યામાં ખાટલો નાંખી દિવસના ડિઝલ – પેટ્રોલના વેચાણના રૂપીયા ૨૫,૬૦૦/– પાકીટમાં મુકી પાકીટ તથા એક મોબાઈલ ફોન ઓશીકા નીચે મુકી સુઈ ગયાં હતા. ત્યારે રાત્રીના સમયે અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી અનિલભાઈના ખાટલા પાસે આવી ઓશિકા નીચે પાકીટમાં મુકી રાખેલા રોકડા રૂપીયા ૨૫,૬૦૦/– તથા એક મોબાઈલ ફોન મળી કુલ રૂા. ૩૭,૬૦૦/–નો મુદ્દામાલ ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે અનિલભાઈ મનસુખભાઈ મછારે ફતેપુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સીંગવડના પીસોઈ ગામ પાસે ડમ્પરની અડફેટે બાઈક સવાર બે સગા ભાઈઓ પૈકી એકનુ મોત

સીંગવડ,

સીંગવડ તાલુકાના પીસોઈ ગામેથી પસાર થતાં રસ્તા પર ડમ્પર ટ્રૂક અને બાઈક વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં છાપરવડ ગામના બાઈક સવાર બે સગાભાઈઓ સાથે અકસ્માત થતાં અકસ્માતમાં એકનુ ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતુ. જયારે અન્યને ગંભીર ઈજાઓ પહોંચતા વધુ સારવાર માટે દાહોદ ખસેડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર છાપરવડ ગામના બે સગાભાઈ પોતાની બાઈક લઈને સીંગવડ ગામે નીકળ્યા હતા. દરમિયાન રસ્તામાં પીસોઈ ગામેથી પસાર થતાં સામેથી બેફિકરાઈથી હંકારી આવેલા કાળમુખા ડમ્પરે બાઈકને અડફેટે લેતા ગમખ્વાર અકસ્માત સર્જાતા છાપરવડ ગામના યુવાન દિનેશભાઈ ચંદ્રસિંહભાઈ પટેલનુ ઘટના સ્થળે જ મોત નીપજયું હતુ. જયારે તેના ભાઈ મનોજભાઈ ચંદ્રસિંહભાઈ પટેલને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સીંગવડની સરકારી દવાખાને સારવાર અપાયા બાદ વધુ સારવાર અર્થે દાહોદ ખસેડવામાં આવ્યા હતા. જયારે મૃતકના પરિવારજનોની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી આગળ કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદના ૫૦ પશુપાલકોનો આણંદ ખાતે તાલીમ તેમજ પ્રેરણા પ્રવાસ યોજાયો



દાહોદ,

સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના અંતર્ગત ગોબરધન પ્રોજેકટના અમલીકરણ માટે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, દાહોદ દ્વારાં પશુપાલકોની આણંદની નેશનલ ડેરી ડેવલોપમેન્ટ બોર્ડ ખાતે તાલીમ તેમજ પ્રેરણા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું. જેમાં જિલ્લા કો.ઓર્ડિનેટર વિવેક પ્રજાપતિની આગેવાનીમાં જિલ્લા તાલુકાની ટીમ સહિત કુલ ૫૦ પશુપાલકોની ટીમને આણંદ ખાતે ગોબરધન પ્રોજેકટના અમલીકરણ બાબતે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ મુંજકુવા ગામ ખાતેના કાર્યરત બાયોગેસ પ્લાન્ટની મુલાકાત, લાભાર્થી સાથે પરામર્શ તેમજ સ્લરી પ્રોસેસિંગ યુનિટની પણ મુલાકાત કરી તે વિશે સમજ અપાઈ હતી.

# BAPS સ્વામિનારાયણ સંસ્થા દ્વારા વ્યસનમુકિત રેલી કાઢવામાં આવી



ગોધરા,

બી એ પી એ સ સ્વામિનારાયણ મંદિર ગોધરા ખાતેથી બ્રહ્મ જીવન સ્વામી કોઠારી સ્વામી અને બીજા અનેક સંતોની આગેવાનીમાં આજરોજ ગોધરા ખાતે વ્યસન મુક્તિની રેલી કાઢવામાં આવી હતી. આ રેલી દ્વારા સમાજની અંદર વ્યાપેલા વ્યસન રૂપી દૂષણ માનવ–જીવનને કેવી રીતે ભરખી જાય છે અને આ વ્યસનોથી અનેક યુવાનો યુવતીઓ મોતના મોંમા ધકેલાઈ રહ્યા છે. તે સમજાવવાનો ખુબ જ સુંદર પ્રયત્ન કરવામાં આવ્યો હતો. આ રેલીમાં વિવિધ ફ્લોટ દ્વારા તમાકુ, બીડી, સિગરેટ, દેશી દારૂ, વિલાયતી દારૂ, ગાંજો, ચરસ, અફીણ, આ બધા વ્યસનોથી ભારતની યુવાની ખોખલી બની રહી છે. તેમાંથી બચાવવા તેના પરિણામોથી બચાવવા યુવાનોને સાચી દિશામાં લઈ જવા માટે નિર્વ્યસની બનાવવા માટે બોચાસણવાસી સ્વામિનારાયણ સંસ્થા એ અદભુત કાર્ય કરી રહ્યો છે. આજની રેલીમાં અસહ્ય તાપ હોવા છતાં હજારોની સંખ્યામાં યુવાનો યુવતીઓ જોડાયા હતા અને વ્યસન મુક્તિની આહલેક જગાવી હતી. ગોધરાની અંદર વિવિધ સ્થળોએ આ રેલીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. સંતો મહંતોને હાર પહેરાવી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. ચિત્રા સિનેમા રોડ ઉપર આશિત ભટ્ટ, દિનેશભાઈ પટેલ, મિતેશભાઇ પટેલ, રમેશભાઈ બારીયા, મનોજભાઈમારવાડી, વગેરે આગેવાનોએ સંતોને હાર પહેરાવી સ્વાગત કર્યું હતું અને સમગ્ર સમાજ નિર્વ્યસની બને તેના માટે જે બીએપીએસ સંસ્થા ભગીરથ કાર્ય કરી રહી છે. તેણે બિરદાવવામાં આવી હતી અને વ્યસનમુક્તિના શપથ લેવામાં આવ્યા હતા.

## જમ્મુ-કાશ્મીરમાં જી ૨૦ સમિટનું આયોજન થશે, ૫ સભ્યોની સમિતિની રચના કરાશે

કાશ્મીર મુદ્દે ભારતને મોટી સફળતા મળી છે. કાશ્મીર મુદ્દે ભારત સરકાર પાકિસ્તાનને એક આકરો આંચકો આપવાની છે. દુનિયાની પ્રમુખ અર્થવ્યવસ્થાઓના પ્રભાવશાળી જૂથ જી-૨૦ ની બેઠક ૨૦૨૩માં જમ્મુ કાશ્મીરમાં થશે. આ બેઠકમાં ચીન, કેનેડા, અમેરિકા, જર્મની, તુર્કી સહિત ૨૦ દેશ ભાગ લેશે. આ સંમેલન દ્વારા કાશ્મીર પર પાકિસ્તાનના દાવાને ફગાવવાના રૂપમાં જોવામાં આવી રહ્યુ છે.

પાંચ ઓગસ્ટ ૨૦૧૯એ જમ્મુ-કાશ્મીરને પ્રાપ્ત વિશેષ દરજ્જો રદ અને આને બે કેન્દ્ર શાસિત પ્રદેશોમાં વિભાજિત કર્યા બાદ કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીરમાં આયોજિત થનારુ આ પહેલુ મોટુ આંતરરાષ્ટ્રીય શિખર સંમેલન હશે. ગયા વર્ષે સપ્ટેમ્બરમાં કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલને જી-૨૦ માટે ભારતના દૂત નિયુક્ત કરવામાં આવ્યા હતા. ભારત સરકારના જારી એક સત્તાકીય આદેશ અનુસાર કેન્દ્ર શાસિત પ્રદેશના આવાસ અને શહેરી વિકાસ વિભાગની અગ્ર સચિવ સમિતિના અધ્યક્ષ હશે, જેની રચના વિદેશ મંત્રાલયના ૪ જૂનના પત્ર બાદ કરવામાં આવી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.258

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર


### પંચમહાલ જીલ્લા પંચાયતના લોકર્પણનો મુદ્દો ટોપ ઓફ ધ ટાઉન

## પ્રધાન મંત્રી દ્વારા કરાયેલ પંચમહાલ જીલ્લા પંચાયતનું લોકાર્પણ ફરી કરવામાં આવશે ?

### જીલ્લા પંચાયત પ્રમુખ કામિનીબેન દ્વારા જીલ્લા પંચાયતનું લોકાર્પણ કથા કરી પૂજા કરી કરાવશે કે રીબીનો કપાશે ?



ગોધરા,

પંચમહાલના પાવાગઢ ખાતે વડાપ્રધાનની મુલાકાત દરમિયાન પાવાગઢ મંદિરના ધ્વજારોહન સહિત જીલ્લાના અનેક વિકાસના કામોનું ઈ–લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ઈ–લોકાર્પણમાં ગોધરાની નવિન જીલ્લા પંચાયત ભવનનું ઈ–લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ત્યારે હવે પંચમહાલ જીલ્લા પંચાયતના પ્રમુખ દ્વારા વડાપ્રધાનના હસ્તે થયેલ ઈ–લોકાર્પણ વાળી જીલ્લા પંચાયતની નવિન બિલ્ડીંગનું લોકાર્પણ કથા કરી કરશે કે રીબીન કાપશે તે જોવું રહ્યું.

પાવાગઢ ખાતે ૧૮ જુનના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી મુલાકાત માટે આવ્યા હતા. ત્યારે પાવાગઢ નીજ મંદિરના શિખર ઉપર ત્રણ દાયકા બાદ ધ્વજારોહણ તેમના વરદ્દહસ્તે કરવામાં આવ્યું હતું. સાથે પંચમહાલ જીલ્લાના વિવિધ વિકાસના કામોનું ઈ–લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ઈ–લોકાર્પણ કાર્યક્રમમાં ગોધરા ખાતે નિર્માણ થયેલ જીલ્લા પંચાયતના બિલ્ડીંગનું જે રૂપીયા ૨૩.૫ કરોડના ખર્ચે તૈયાર થયું છે. તેવા બિલ્ડીંગનું ઈ–લોકાર્પણ વડાપ્રધાનના વરદ્દહસ્તે કરવામાં આવ્યું હતું. ગોધરા ખાતે નિર્માણ થયેલ જીલ્લા પંચાયત ભવનના નવા બિલ્ડીંગ એક જ કંપાઉન્ડમાં એક સરખી અદ્યતન ડીઝાઈનું જળ સંચય પાણી પુરવઠો, ગટર નિકાલ, વિજળીકરણ, લીફટ, રસ્તા, કંપાઉન્ડ વોલ, ફર્નિચર કોન્ફરન્સ હોલ, બાગ બગીચોની આધુનિક સગવડો સાથે બનાવવામાં આવ્યું છે. ગોધરા ખાતે નવિન જીલ્લા પંચાયત બિલ્ડીંગ કરોડોના ખર્ચે બન્યું છે. તેનું ઈ–લોકાર્પણ વડાપ્રધાન પાવાગઢ પ્રવાસ દરમિયાન કરવામાં આવ્યું છે. ત્યારે હવે જીલ્લા પંચાયતના નવા બિલ્ડીંગને જાહેર જીવનના અને સરકારી કામકાજ અર્થે ખુલ્લુ મુકતા પહેલા આ નવિન બિલ્ડીંગનું ઉદ્દઘાટન કરવા માટે પંચમહાલ જીલ્લા પંચાયતના પ્રમુખ કામીનીબેન સોલંકી આ નવિન જીલ્લા પંચાયત બિલ્ડીંગનું જનતા માટે ખુલ્લુ મુકતા પહેલા આ નવિન બિલ્ડીંગનું લોકાર્પણ કેવી રીતે કરવું તેની વિચારણા કરવા લાગ્યા છે. ત્યારે શું જે નવિન જીલ્લા પંચાયત બિલ્ડીંગનું ઈ–લોકાર્પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વરદ્દહસ્તે કરવામાં આવ્યું છે. ત્યારે હવે આ નવિન જીલ્લા પંચાયત બિલ્ડીંગમાં કથા પૂજા કરાવાશે કે પછી રીબીન કાપીને જનતા માટે ખુલ્લુ મુકવામાં આવશે. તે આવનાર સમયમાં સામે આવશે.

## પંચમહાલ જીલ્લા સહિત ગોધરામાં એક કલાકમાં એક ઈંચ વરસાદ



તસ્વીર : નુર બાલા, વેજલપુર

**- મોડી સાંજે કડાકા ભડાકા સાથે મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી.**

**- પંચમહાલ જીલ્લાના ચેરાપુંજી ગણાતા જાંબુઘોડામાં એક કલાકમાં બે ઈંચ વરસાદ.**

ગોધરા,

પંચમહાલ જીલ્લા સહિત ગોધરા શહેરમાં દિવસભર ભારે ઉકળાટ બાદ મોડી સાંજે ધમાકેદાર મેઘરાજાની એન્ટ્રી કડાકા ભડાકા સાથે વરસાદને લઈ વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે.

પંચમહાલ જીલ્લા સહિત ગોધરામાં વરસાદ ખેંચાતા ભારે ગરમી અને ઉકળાટ થી લોકો પરેશાન થઈ રહ્યા હતા. જ્યારે ગોધરામાં મેઘરાજાની મહેર થતી ન હતી. જેને લઈ લોકો મેઘરાજાની કાગડોળે રાહ જોતા હતા. ત્યારે આજરોજ મોડી સાંજે વાતાવરણમાં અચાનક પલટા સાથે વાદળો ઘેરાયા હતા અને ભારે પવન અને વિજળીના કડાકા – ભડાકા સાથે મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરતાં માર્ગો ઉપર વરસાદી પાણી જોવા મળ્યા. વરસાદ વરસતા લોકો આનંદ વ્યકત કર્યો અને લોકોએ વરસાદમાં પલળવાની મજા માણી હતી. મેઘરાજાની પધરામવણી સાથે વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે.

### વેજલપુર ગામમાં મેઘરાજાની એન્ટ્રી : ખેડૂતો અને ગ્રામજનો ખુશ ખુશાલ

કાલોલ તાલુકાના વેજલપુર ગામમાં રવિવારના રોજ સાંજના સમયે વિજળીના કડાકા સાથે મેઘરાજાની એન્ટ્રી થતા ખેડૂતો અને ગ્રામજનો ખુશ ખુશાલ મેઘરાજાની એન્ટ્રી થી થઈ લોકોને ઠંડક છેલ્લા બે દિવસ ભારે ઉકરાટના કારણે ગરમી થી હેરાન થયા હતા. મેઘરાજાની એન્ટ્રી થતા ગરમી થી રાહત છેલ્લા બે દિવસ થી લોકો ભારે ગરમી થી હેરાન પરેશાન થઈ રહ્યા હતા. જેથી આજરોજ મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થતા ઘણા લોકો એ વરસાદની મજા માણી ચાલુ વરસાદમાં કેટલાક લોકોએ વરસાદમાં પલળીને આનંદ માણ્યો આ એને કેટલાક લોકો એ વરસાદ થી બચવા આજુબાજુ આગન અને છતનો સહારો લીધો. જેથી ગરમીથી લોકોને રાહત થઈ અને વરસાદના કારણે વાતાવરણમાં પણ ઠંડક પ્રસરી.

**નોંધાયેલ વરસાદ**

ગોધરા – ૨૪ મી.મી.
ઘોઘંબા – ૧૫ મી.મી.
હાલોલ – ૧૧ મી.મી.
જાંબુઘોડા – ૪૭ મી.મી.

## શહેરાના સંભાલી ગામે પાણીની સમસ્યાને લઈ ગ્રામજનો પરેશાન



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા તાલુકાના સંભાલી ગામના બારીયા ફળિયા સહિત અન્ય વિસ્તારમાં ચોમાસાની ઋતુમાં પણ પાણીની વિકટ સમસ્યા હોવાથી મહિલાઓ હેરાન–પરેશાન છે. આ ફળિયાના હેન્ડ પંપ બગડી જતાં સ્થાનિક ગ્રામજન એ પાણી પુરવઠા થી લઈને અન્ય તંત્રને રજૂઆત કરવા છતાં રીપેરીંગ કરવામાં નહિ આવતા મહિલાઓને પાણી ભરવા દૂર સુધી જવુ પડતું હોય છે. નલ સે જલ યોજનાની ગોકળગતિની કામગીરીના કારણે સ્થાનિક ગ્રામજનોમાં છૂપો રોષ જોવા મળી રહ્યો હતો.

શહેરા તાલુકાના સંભાલી ગામના બારીયા ફળિયામાં ચોમાસાની ઋતુમાં પાણીની વિકટ સમસ્યા જોવા મળી રહી છે. આ ફળિયામાં આવેલ હેડ પંપ પાછલા કેટલાક સમયથી બગડી જતા અન્ય હેન્ડ પંપમાં પાણી થોડીવાર આવ્યા બાદ બંધ થઈ જતાં મહિલાઓને દૂર સુધી પીવા માટે પાણી ભરવા જવું પડવા સાથે સમયનો વેડફાટ થતો હોય તેમજ ઘરનું કામકાજ પણ મોડું થતા તંત્ર સામે આક્રોશ જોવા મળી રહયો હતો. બગડી ગયેલ હેન્ડ પંપની મરામત થાય તે માટે જાગૃત ગ્રામજન હીરાભાઈ બારીયા અને પુનાભાઈ બારીયા દ્વારા પાણી પુરવઠા સહિતના તંત્રને રજૂઆત કરવા છતાં હેડ પંપનુ રીપેરીંગ કરવામાં નહિ આવતા મહિલાઓ ને આ ફળિયા થી દુર આવેલ હેડ પંપ ખાતે પાણી ભરવા જતા હોય ત્યાં પણ લાંબી લાઈન લાગતી હોય છે. પ્રેમીલાબેન બારીયા, અમરત બેન તેમજ પુનીબેન બારીયા સહિતની મહિલાઓ જણાવી રહી છેકે અમારે દૂર સુધી પાણી ભરવા જવું પડતું હોય જ્યારે નળની ચકલીમાં પાણી આવતું નથી અને કુવામાં પાણી ઊંડુ જતા અમારે ભટકી ભટકીને પીવા માટે અને ઘર વપરાશનું પાણી લાવવું પડતુ હોય છે. આ સંભાલી ગામમાં પાણી પુરવઠાની યોજના પાછળ લાખો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવી હોવા છતાં ચોમાસામાં પણ પાણીના પોકાર ઉઠયા હોય ત્યારે જિલ્લાના જવાબદાર તંત્ર દ્વારા આ બાબતને ખૂબ જ ગંભીરતાથી લેવામાં આવે તેમજ નલ સે જલ યોજનાની કામગીરી ગોકળ ગતિએ ચાલી રહી હોય તેની તપાસ કરવા સાથે ગ્રામજનોની આ યોજનાને લઈને પ્રતિક્રિયા લેવામાં આવે જેથી કોન્ટ્રાકટર દ્વારા કરવામાં આવેલ કામગીરી નિયમ મુજબ કરવામાં આવી હશે કે નહીં તેની પણ ખરી હકીકત બહાર આવી શકે તેમ છે.

## પાવાગઢ યાત્રાધામ ખાતે રવિવારના દિવસે ૧ લાખ ઉપરાંત દર્શનાર્થીઓનું ઘોડાપુર



પાવાગઢ,

પંચમહાલના પાવાગઢ યાત્રાધામ ખાતે રવિવારના દિવસે યાત્રાળુઓનું ઘોડાપુર જોવા મળ્યું. એક દિવસમાં ૧ લાખ ઉપરાંત યાત્રાળુઓએ માતાજીના દર્શન કર્યા.

પાવાગઢ યાત્રાધામ ખાતે રવિવારના રજાના દિવસે માઈ ભકતોનું ઘોડાપુર જોવા મળ્યું. રવિવારની રજા અને વાદળછાયા વાતાવરણ વચ્ચે યાત્રાળુઓ મોટી સંખ્યામાં દર્શન માટે ઉમટી પડયા હતા. વહેલી સવારના યાત્રાળુઓના ભારે ઘરાસો જોવા મળ્યો. પાવાગઢ યાત્રાધામના નવિનીકરણ બાદ યાત્રાળુઓને પાવાગઢના દર્શન કરવા માટે ભારે ઉમળકો જોવા મળી રહ્યો છે. જેને લઈ પ્રતિદિન હજારોની સંખ્યામાં દર્શનાર્થીઓ માતાજીના દર્શનાર્થે આવતા હોય છે. આજરોજ રવિવારની રજાને લઈ અંદાજીત ૧ લાખ ઉપરાંત યાત્રાળુઓ ઉમટી પડયા હતા. માતાજીના ધામ ખાતે જાણે દર્શનાર્થીઓનું ઘોડાપુર જોવા મળ્યું. મોટી સંખ્યામાં યાત્રાળુઓ દર્શનાર્થે આવતાં મંદિર ટ્રસ્ટ અને પોલીસ દ્વારા સઘન અને ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. માઈ ભકતો માતાજીના દર્શન કરી અને પાવાગઢના અલહાદક વાતાવરણને લઈ ખુશ અને ભાવવિભોર બન્યા.

## રણજીતનગર સબ સ્ટેશનમાં કાલસર ફીડરમાંથી વીજ પુરવઠો ખોરવાતા હાલાકી

હાલોલ,

રણજીતનગર સબ સ્ટેશનમાંથી નીકળતા કાલસર ફીડરમાંથી વીજ પુરવઠો છાશવારે ખોરવાઈ જાય છે. જેને કારણે આજુબાજુના ગ્રામ્ય વિસ્તારો જેવા કે, ચેલાવાડા, વિરાપુરા, રીછીયા, તાડકુંડલા, વડા તળાવ, સુરા, નાથકુવા વગેરે ગામોમાં વીજ પુરવઠો બંધ થઈ જાય છે. જેને કારણે આ વિસ્તારના રહિશોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવે છે. જયારે આ વિસ્તામાં આવેલા નાના ઉધોગો પણ ઠપ્પ થઈ જાય છે.કાળઝાળ ગરમીમાં આખો દિવસ વીજ પુરવઠોના હોય ત્યારે રહિશોને હાલાકી ભોગવવી પડે છે. આ વિસ્તારના રહિશોના જણાવ્યાનુસાર વીજ કંપની દ્વારા મેઈન્ટેનન્સ કરવાના બહાને અઠવાડિયામાં ગમે તે દિવસે અગાઉથી જાણ કર્યા વગર આખો દિવસ લાઈટ બંધ કરી દેવામાં આવે છે જયારે આ સમસ્યા અંગે વીજ કંપનીના અધિકારી સાથે વાતચીત કરતા તેઓએ જણાવ્યુ હતુ કે, ચોમાસાના દિવસો નજીક આવી રહ્યા છે. જેને કારણે આવનાર દિવસોમાં કોઈ તકલીફ ના પડે તે માટે કામગીરી ચાલી રહી છે. અને ટુંક સમયમાં વીજ પુરવઠો નિયમિત રીતે મળી રહે તેવા પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે.

## ગોધરા DTCભવન ખાતે જીલ્લા પોલીસવડાની અધ્યક્ષતામાં શાંતિ સમિતિની મીટીંગ યોજાઈ



ગોધરા,

પંચમહાલ જીલ્લા પોલીસવડાની અધ્યક્ષતામાં રથયાત્રા અને બકરી ઈદના તહેવારોને લઈ હિન્દુ–મુસ્લીમ સમાજના આગેવાનોની સાથે શાંતિ સમિતિની મીટીંગ યોજવામાં આવી.

રથયાત્રા અને બકરી ઈદના તહેવારોમાં કોમી એકલાસ અને સદ્દભાવના જળવાઈ રહે તેવા હેતુસર આજરોજ જીલ્લા પોલીસવડા હિમાંશુ સોલંકીની અદયક્ષતામાં ડી.ટી.સી.ભવન ખાતે હિન્દુ અને મુસ્લીમ સમાજના આગેવાનો સાથે શાંતિ સમિતિની મીટીંગ યોજવામાં આવી. શાંતિ સમિતિની મીટીંગમાં બન્ને તહેવારોમાં શાંતિ અને કોમી એકલાસ જળવાઈ રહુે ધાર્મિક લાગણી દુભાઈ તેવા ગીતો તેમજ કૃત્યો નહિ કરવા અપીલ કરવામાં આવી સાથે સરકારના નિયમોનું પાલન કરવા અપીલ કરાઈ.

## ગોધરા પ્રાંત દ્વારા જમીન મહેસુલના કાયદા વિરૂદ્ધ એક વ્યકિતને લાભ અપાવવા માટે ભલામણ કરાવી સુધારા હુકમ કરાવાના સામે આવી ગેરરીતિની ખાતાકીય તપાસ થાય તેવી માંગ

ગોધરા,

બીજો અંક તા.૨૫/૦૬/૨૦૨૨ બાબતે આરોપી ૧. કુત્તુબદ્દીન અઝીમુદ્દીન સૈયદ રે.સ.નં.૪૨૭ પૈકી ૧–૨ અને ૪૨૮ પૈકીમાં તેઓ તેવું જણાવે છે કે, પરદાદા અબ્બાસમીંયા અમીરમીંયા કાઝી (સૈયદ)નું નામ બાબતે તા.૧૩/૦૯/૨૦૨૧ના રોજ ગોધરા મામલતદારમાં અરજી કરેલ જે બાબત વારસાઈ બાબતે આરોપી ૧. અપીલ કરવાના બદલે અરજી કરેલ છે. આરોપી ૧ પરદાદાનું (સગપણ) અરજીમાં દર્શાવેલ છે અને અબ્બાસમીંયા અમીરમીંયા કયારે અને કયા જન્મયા કે ગુજરી ગયા (તારીખ) (મહિનો) (વર્ષ)નો કોઈ ઉલ્લેખ કે મરણ દાખલો રજુ કરેલ નથી. આમ, તલાટી ગોધરા કસ્બા ગૌરવ પટેલ સર્કલ ઓફિસ એસ.એસ.સંગાડા તથા ગોધરા મામલતદાર વિગેરે કોઈપણ રેકર્ડ રૂલ્સ તથા મામલતદાર એક્ટ ની જોગવાઈ તથા ૯૬ વર્ષના વિલંબ વગર ગોધરા પ્રાંત નાયબ કલેકટર હાલના જીલ્લા કલેકટર પંચમહાલ પુરવઠા અધિકારી તરીકે ફરજ બજાવી ચુકેલા એન.બી.રાજપુત ગોધરા દ્વારા કોઈપણ કોર્ટનું સર્ટીફિકેટ રજુ કર્યા વગર માત્ર એન.બી.રાજપૂત તથા લાગતા વળગતા કર્મચારીઓએ કાયદાનો ભંગ કરેલ છે. જેથી તેઓ સામે પણ ખાતાકીય તપાસ થાય તેવી માંગ છે. આમ, વિલંબ માફી અરજીનું કોઈ અરજી કરેલાનું રેકર્ડ જણાઈ આવતું નથી અને જો પ્રાંત કચેરીની બીજી અપીલો જુની કારકુનો દ્વારા કેટલા કેસોમાં ચલાવેલ કે નોટીસો જજમેન્ટો આપવામાં આવેલ નથી. તેમજ જાહેર માહિતી અધિકારી અધિનિયમ ૨૦૦૫ના કાયદાનું (માન સન્માન) રહેવા દીધું નથી. જે ગુજરાત રાજ્ય સરકાર મહેસુલ અને કાયદામંત્રી રાજેન્દ્ર ત્રિવેદી તથા મહેસુલ વિભાગ અધિક સચિવ ગાંધીનગર તરફ થી સ્પેશ્યલ ગોધરા પ્રાંત અધિકારી એન.બી.રાજપૂત પ્રાંત ગોધરાની અવલોકન કરેલ કેસો તકરારી કેસો અપીલો વિગેરે બાબતે (ટીમ) નીમી યોગ્ય ગેરરીતિઓ કરેલ બાબતે સંપૂર્ણ એક પછી એક ગેરરીતિઓની તપાસ થાય તેમજ ખોટા બોગસ ખેડુત પ્રમાણપત્ર તકરારી કેસો અર્ધ પ્રક્રિયા હોવા છતાં ચલાવેલ કેસો કાયદા તથા મહેસુલ મેન્યુઅલ વિરૂદ્ધ કરેલ વહીવટીનાતે ગુજરાત રાજ્ય સરકાર સરકારી (ગેઝેટો) (પરિપત્રો) (ઠરાવો) તથા અવરનવર જીલ્લા કલેકટર તરફ થી આર.ઓ. મીટીંગમાં આપેલ આદેશો તથા તમામ પ્રકારના વિરૂદ્ધ પ્રાંત ગોધરા એન.બી.રાજપૂત દ્વારા પાલન નહીં કરી ઉપરોકત વટ હુકમ કરેલ છે. અમો ફરિયાદી આરોપી–૬ દ્વારા હુકમ કરતા પહેલા કોઈ ૯૬ વર્ષ હોવા છતાં કોઈ તક કે સાંભળવામાં કે નોટીસ કર્મચારીઓ દ્વારા કે એન.બી.રાજપૂત પ્રાંત ગોધરાની સહીથી જાણ કરી કરાવવામાં આવેલ નથી. ખૂબ જ મોટા પ્રમાણની લાંચ રૂશ્વત લઈ લેન્ડ રેવન્યુ કાયદા વિરૂદ્ધ એક તરફ હુકમ કરેલ છે. જેથી પ્રાંત ગોધરાના કેટલા હુકમોની નોંધો પણ પાડવામાં આવતી નથી. જે તપાસ થાય તો ગુજરાત રાજ્ય સરકારના ૨૦૧૫ના પરિપત્રોનું ભંગ તપાસ કરતાં મળી આવે તેમ છે. આમ, ગુજરાત રાજ્ય સરકાર આવા ગંભીર પ્રકારના કેટલાક કિસ્સાઓ જોવા મળે છે. જેથી આવા કર્મચારીઓ, અધિકારીઓ દ્વારા સરકાર બદનામ થાય છે. આવા કર્મચારીઓ, અધિકારીઓની ખાતાકીય તપાસ ગુજરાત સરકારના અધિકારીઓથી થતી નથી. મહેસુલ વિભાગ તકેદારી સેલ વિજીલન્સ કમિશ્નર દ્વારા ખાતાકીય દરખાસ્ત જીલ્લા કલેકટર પંચમહાલ ગોધરા તરફથી કરવામાં આવતી નથી. તેમ જીલ્લા કલેકટર અને મેજીસ્ટ્રેટ પંચમહાલ ગોધરા કરેલ ગેરરીતિઓ કર્મચારીઓ સામે કોઈ ખાતાકીય પગલાં ગંભીર પ્રકારની અરજીઓ તથા ફરજ દરમીયાન એક દિવસમાં કયા કયા કર્મચારીઓ દ્વારા નોંધ ખોટી મુકી આગળની કાર્યવાહી કરવામાં જીલ્લા પંચમહાલ કલેકટરના કર્મચારીઓ, અધિકારીઓ દ્વારા આ બાબતે યોગ્ય અને ન્યાયિક તપાસ બાબતે રૂબરૂ જીલ્લા કલેકટર પંચમહાલ ગોધરા લાગતા વળગતા તેમ મુખ્ય તકેદારી સેલના તથા ગુજરાત કેડરના સુજલ મયાત્રા તરફ એક દિવસના હુકમની રજુઆતો રૂબરૂ કરેલ છે. તેઓને આ બાબતે ગળે વાત ઉતરતી નહી પરંતુ અમારા રજુ કરેલ પુરાવા જોઈ જીલ્લા કલેકટર પંચમહાલ પણ ચોંકી ઉઠીયા હતા. આવું કોઈ સંજોગોમાં ના બને અને આ જમીનોમાં ખુબ જ મોટા પ્રમાણની લાંચ રૂશ્વત લઈ એક જ ગામના વતની હોય આરોપી ૧. કુત્તુબદ્દીન અઝીમુદ્દીન સૈયદ (કાજી) તથા હાલ ફરજ બજાવતા પ્રાંત ગોધરા એન.બી.રાજપૂત ગોધરા આરોપી ૬ અમદાવાદના હોય તો તેઓ સામે ગુજરાત સરકારના લાગતા વળગતા વિભાગો તથા ભારત સરકાર તરફ યોગ્ય જરૂરી ન્યાયિક કાર્યવાહી કરવા સોંગદનામા સાથે અરજી કરેલ છે. જે તપાસ જીલ્લા કલેકટર તકેદારી સેલના તથા જીલ્લા કલેકટર પંચમહાલ ગોધરા કેડર અધિકારી સુજલ મયાત્રા તરફ આદેશો મહેસુલ વિભાગ તરફ થી આપવામાં આવેલ છે અને તકેદારી આયોગ મંત્રી પ્રશ્ન અંગે રીપોર્ટ સાચા ના હોવાના કારણે એકબીજાને બચાવવાના તેમજ પ્રાથમિક તપાસ રીપોર્ટ ગોધરા પ્રાંત અધિકારી ગોધરા એન.બી.રાજપુતના તમામ પ્રકરણો – પડતર રાખી અને એક જ દિવસમાં સુધારા હુકમ ૯૬ વર્ષ પછી કરી નાખેલ છે. જેથી ખાતાકીય તપાસ કર્મચારીઓ, અધિકારીઓ વિરૂદ્ધ ૧ થી ૬ સામે ફરિયાદ કરેલ છે. જે બાબતે પંચમહાલ જીલ્લા કલેકટર કરશે ખરા...? વધુમાં જો રેવન્યુ કાયદા તથા સરકારના આદેશો આપેલ વિરૂદ્ધ હુકમો થશે તો રેવન્યુ કોર્ટો ઉપર થી ભારતના નાગરિકોનો ભરોસો ઉઠી જશે જેથી ગુજરાત સરકાર આવી ગંભીર પ્રકારની ગેરરીતિઓ સામે આવે તો તાત્કાલીક ખાતાકીય તપાસ કરાવે તો ભ્રષ્ટાચારો મોટા પ્રમાણમાં નાબુદ થાય તેમ છે. જેથી આ બાબતે પ્રાંત ગોધરા એન.બી.રાજપૂતની ખાતાકીય તપાસ કરવામાં આવે અને તમામ પ્રકારની રજુઆતો લાગતા વળગતા વિભાગો તરફ મોકલી આપેલ છે. અને ગોધરા મહેસુલ વિભાગ ગાંધીનગરના પ્રા.ત. સેલ તરફથી જીલ્લા કલેકટર પંચમહાલ આઈ.એ.એસ. અધિકારી સુજલ મયાત્રા તરફ પણ મોકલી આપેલ છે. આ બાબતે જીલ્લા કલેકટર કર્મચારીઓ, અધિકારીઓ આ બાબતે અરજદારની અરજી તથા મહેસુલ વિભાગ ગાંધીનગર જનરલ વિભાગની યાદીને ગંભીરતાથી લેશે કે લેવડાવશે તે જોવાનું રહ્યું અને એન.બી.રાજપૂત ગોધરા પ્રાંત બોગસ ખેડુતો બનાવેલ તથા વહીવટી અધિકારના મેન્યુચલ વિરૂદ્ધ હુકમો પડતર પડેલ મંત્રી પ્રશ્નો તકેદારી આયોગ પ્રશ્નો ખોટા રેવન્યુ કાયદા વિરૂદ્ધ અનેક પ્રકારની ગેરરીતિઓની તપાસ મહેસુલ વિભાગની ટીમ દ્વારા પંચમહાલ જીલ્લા ગોધરા ખાતે સંપૂર્ણ હકીકતો બહાર આવે તેમ છે. જેથી કલેકટર પંચમહાલ ગોધરા આઈ.એ.એસ. સુજલ મયાત્રા તરફ પાઠવેલ જનરલ યાદી પત્ર ક્રમાંકઃ યગક/૨૩૨૦૨૨૧–પ્રાંત–તા.૪/૩/૨૦૨૨ બાબતે જ્યારે પ્રાંત ગોધરા એન.બી.રાજપૂત એક દિવસમાં હુકમ કરી શકે છે. તો મહેસુલ વિભાગ ગાંધીનગરના પત્રનું વિલંબ કયા કારણસર કરેલ છે. તે મહેસુલ વિભાગ ગાંધીનગર ગુજરાત સરકાર પંચમહાલ જીલ્લા કલેકટર આઈ.એ.એસ. અધિકારી આ બાબતે પ્રજાના બોગસ ખેડુતોની તથા ગેરકાયદેસર બોગસ ખેડુતોની તપાસ કરી કરાવી યોગ્ય ન્યાય આપશે કે નહીં બોગસ ખેડુત બાબતે પંચમહાલ જીલ્લા ફરજ બજાવેલ કલેકટર એસ.કે.લાંગા સામે ૮૪ સી. મુજબના આદેશો થયાની મીડીયા દ્વારા પસાર થયેલ છે. જેથી બોગસ ખેડુતોના પ્રમાણપત્રો તથા અવલોકન કરેલ એન.બી.રાજપૂત ગોધરા દ્વારા મહેસુલ અને કાયદા મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી તરફ પણ આ અધિકારી વિરૂદ્ધ ખાતાકીય તપાસની માંગોના પ્રશ્નો ઉભા થયેલા છે.

## ઘોઘંબાના માલુ ગામ પાસે દિપડો દેખાતા ગ્રામજનોમાં ગભરાટ



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના માલુ ગામે છેલ્લા પાંચ દિવસ થી દિપડો દેખાતાં ગ્રામજનોમાં ગભરાહટ જોવા મળી રહ્યો છે. દિપડા એ કોઈ પણ નુકશાન કર્યું નથી. છતાં પણ દિપડો દેખતાં લોકો સાવચેતી રાખી રહ્યા છે.

ઘોઘંબા તાલુકાના માલુ ગામની આસપાસ જંગલ વિસ્તાર આવેલ છે. જેને લઈ જંગલી પ્રાણીઓની શક્યતાઓ રહેતી હોય છે. પરંતુ છેલ્લા પાંચ દિવસોની માલુ ગામ નજીક દિપડો દેખાયો છે. દિપડો દેખાતાં સ્થાનિક લોકો દ્વારા દિપડાનો વિડીયો બનાવવામાં આવ્યો છે. દિપડો ગામ નજીક આવી જતાં લોકોમાં ગભરાહટ જોવા મળ્યો છે. છેલ્લા કેટલાક દિવસથી ગામ નજીક દેખાતા દિપડાને લઈ કોઈ રંજાડ થઈ નથી. તેમ છતાં વહેલી સવારે નિકળતા લોકો સાવચેતી રાખી રહ્યા છે અને ગામ નજીક દિપડો દેખાતાં ફોરેસ્ટ વિભાગને જાણ કરવામાં આવી છે.